५८७५७ अथ श्री

हित विनोद

प्रसिद्ध कर्त्ता.

गोस्वामी श्री माहा


मनोहरवल्लभजी प्रताप

अमदावाद.

युनियन प्रिन्टिंग प्रेसमां छापी.

संवत १९५० सने १८९४.

कीम्मत बार आना.


आचार्य

॥ श्रीगणेशायनमः ॥

दोहोरो. ५७५७

मूळ शेहेर नखलउके,
वैश्य जाति बलदेव ॥
भ्रात किशोरी लालदोउ,
राज खजाने शेव ॥१॥
मेरे शिष्य दोउ नये,
और सकल परिवार ॥
वसे अयोध्यापुरीमें,
फैजाबाद मझार ॥२॥
ज्ञान रीति पथ्याति सकल,
उनपुछी चितलाय ॥
हितविनोद तिनके लिये,

ज्यों सकल सुखदाय ॥३॥
शिष्य सादरा गामके,
शाह छोटा हरिलाल ॥
दरशन कर बेठे जबे,
वांच्यो ग्रंथ विशाल ॥४॥
भ्रात मगन हरिलालने,
करी विनती आय ॥
नीजदासनपर कृपा कर,
दीजे ग्रंथ छपाय ॥५॥
तासो यह प्रचलित करी,
निज जन इछा जान ॥
लीला धरने लिखी है,
करी गोविंद प्रमाण ॥६॥

॥ श्रीराधावल्लभोजयती ॥

॥ अथ हितविनोदशिक्षा

॥ लिख्यते ॥

॥ [illegible]गलाचरण. ॥

श्रीराधावल्लभंदेवं
वंदेज्ञानगुरुंप्रभुं ॥
वैष्णवानांहितार्थाय
हिताशिक्षाविरच्यते ॥१॥

અર્થ—પોતાના ઇષ્ટદેવ શ્રીરાધા વલ્લભજી, જે પોતાના સંપ્રદાયના આચાય, પૂર્ણ પુરૂષોત્તમ, શ્રી આચાર્ય મહાપ્રભુ સા[illegible]ર્થ, શ્રી હર-વંશ ગોસ્વામીજી ગુરૂ[illegible]વ, તેમને પ્રણામ કરીને આ હિત શિક્ષાં, વૈષ્ણવ જનનો ઉદ્ધાર કરવા સારૂ, તથા પોતાના [illegible]ર્મ[illegible]તિ સમઝવા સારૂ, ગોસ્વામિ શ્રી હિતમનો[illegible]લ્લભજી નામે જે અમે, તે રચના કરીયે છીએ. ૧

थातोधर्मजिज्ञासा ॥ ॥ इतिसूत्रम् ॥

थ—પોતાના ઇષ્ટદેવ જે ગુરૂ, તેમણે જે
, બતાવેલા હોય, તેની જીજ્ઞાસા (વિચાર)
રી, આ અમુલ્ય મનુષ્ય દેહ કે જે દેવતાને
ણ દુર્લભ છે તેને સારે રસ્તે દોરવાને માટે
પવશ્ય ગુરૂ કરવાની જરૂર છે.

तज्जिज्ञासार्थंसगुरुमेवा भिगच्छेत्समित्पाणिः ॥ श्रोत्रियंब्रह्मनिष्ठं आचार्यवान्पुरुषोवेद॥२॥इ.श्रुति

અર્થ—પ્રથમ પોતાનો ધર્મ સમજવા સારૂ શ્રીગુરૂદેવની પાસે જઇને કંઇ બંધાવવી. બતાવેલા ધર્મ કર્મમાં સમજ ન પડે તો શ્રદ્ધાથી પૂછવું. દર્શન કરવા માટે ગમે તે ઠેકાણે પણ ખાલી હાથે જવું નહીં. કંઈપણ ન મળે એમ હોય તો ફકત પાંચ દાતણ અથવા સમીધ અગર ફુલ, સોપારી શ્રીફળ વિગેરે ગમે તે પોતાની સ્થીતિ પ્રમાણે લઇ જવું. મતલબ કે ખાલી હાથે

જવામાં ઘણો દોષછે. ગુરૂની સાથે વાદ વિવા ન કરવો. પોતાનો ધર્મ સાંભળવામાંજ ચીત્ત રાખવું. શ્રી રાધાવલ્લભ જે બ્રહ્મરૂપ તેમને વિષે દઢાનુ રાગ રાખવો. ગુરૂ દૃઢ નિ-ષ્ટાવાન આચાર્ય કુલમાં પ્રગટ થયેલા હોય. ઈ-શ્વર તત્વને જાણતા હોય તો તેમની સાથે ધર્મ જીજ્ઞાસા કરવી. ઈ. શ્રુતિ.

प्रथमेनार्ज्जिताविद्या
द्वितीयेनार्ज्जितंधनं ॥
तृतीयेनार्ज्जितंधर्मं
चतुर्थेकिंकरिष्यति ॥४॥

અર્થ—જેણે બાલપણમાં વિદ્યા, અને યુવા-વસ્થામાં ધન તથા ધર્મનો સંગ્રહ ન કર્યો, તે ઘડપણમાં શું કરી શકવાનો છે? માટે આ મનુષ્ય દેહ ધારણ કરીને સઘળા માણસોએ ધર્મનો સં-ગ્રહ તો અવસ્ય કરવો જોઇએ. આ નિતિવાક્યછે.

नरवपुरेत्यसुपर्ववांछितं

हरिपदमाद्रियतेनमूढधीः॥
पशुसुलभंविषयंश्रियोतयः
सपशुगणादपिशोच्यतेवुधैः।५।

અર્થ—બ્રહ્માદિક ઇચ્છે એવો જે આ મનુષ્ય દેહ છે ને પ્રાપ્ત થયા છતાં જે શ્રીરાધિકા વલ્લભ ચર્ણાવિંદ વિષે અનુરાગ નથી કરતો અને કુતરાઆદિ પશુઓ પ્રાપ્ત જે વિષય સુખ, તેના ઇચ્છા રાખેછે તે મૂઢ જીવ પશુ થકી શોચના કરવામાં આવેછે. કેમકે પશુ જાતિ તો વિવેક શુન્ય છે; પણ માણસ તો વિવેકવાન છે માટે તેમણે વિષય સ્વાદ તજીને, ભગવત ચર્ણાવિંદમાં ચીત્ત લગાડવું જોઇએ. આ શ્રી કૃષ્ણ ચંદ્ર ગોસ્વામીજીનું વાકયછે.

किमुलमुकैरतनुतमःपरः
सतैर्नभस्तलादपिहृयरेरावींविना
हरेःपदांबुजयुगसेवनादतेन

साधनैर्मनसिमलोपनीयते॥६॥

અર્થ—કોઇ માણુસ એમ ધારે કે સો મશાળાળીને આકાશનુ અંધારૂં દુર કરી નાંખાયે તો તે થતું નથી તેવી રીતે ભગવત ચર્ણારવિંદના આશ્રય સિવાય બીજા સાધનથી મનનો મેલ એટલે પાપ દુર થતું .થા માટે ઇશ્વર ભજનમાં હુમેશાં ચિત્ત રાખવું. આ કરૂણાનંદમાં લખ્યુ છે.

येषांनविद्यानतपोनदानं
नचापिशीलंनगुणंनधर्मं ॥
तेमृत्युलोकेभुविभारभूता:
मनुष्यरुपेणमृगाश्चरंति ॥७॥

અર્થ—જેણે મનુષ્ય દેહ ધરીને વિદ્યા સંપાદન ન કરી, તથા ભગવત ભજન ન કર્યું તથા શિળા સ્વભાવથી વર્તન ન કર્યું, કંઈ પણ ગુણ તથા ધર્મ વાર્તા ન જાણી તથા કંઈ પણ ધર્મ સંબંધી કાર્ય ન કર્યું, તો તે માણુસે મ-

ુષ્ય દેહ ધારણ કર્યા છતાં જંગલી પશુની તુ-
ય આ પૃથ્વી ઉપર ભાર રૂપ છે. આ નિતિ
-કુય છે.

साहानिस्तन्महच्छिद्रं
साचांधजडमूकता ॥
यन्मुहूर्त्तक्षणंवापि
वासुदेवंनचिंत्यते ॥८॥

અર્થ—જે બે ઘડી અથવા ક્ષણ માત્ર શ્રી વાસુદેવ ભગવાનનું સ્મર્ણ કીર્ત્તનનથી કરતો, તે પોતાની હાની, છીદ્ર, પાપ, જડતા, બોબડા પણું, તથા આંધળાપણું જણાવેછે. તેમાટે ભ-ગવત સ્મર્ણ અવસ્ય કરવું જોઇએ. આ સ્કંધ પુરાણમાં લખ્યું છે.

येपुण्यमन्यदवयंतितदेवकुर्यु
र्येचाघमन्यदपिविभ्यतुतेतदस्तु
अस्माकमा[illegible]लितकृष्णकथाशुभा

ना॥ मन्यत्समस्तमपिहाखलुपा
पमेव ॥९॥

અર્થ—આપણું પોતાનું મન જેને પુણ્ય જાણે તે કર્મ કરવું, અને પાપ જાણે તે કર્મ ન કરવું. આપણા આચાર્ય શ્રી કૃષ્ણ ચંદ્રજી માહારાજ આજ્ઞા કરેછે કે જે આપણા સંપ્રદાયમાં શ્રી કૃષ્ણ વાર્તા ન હોય તે સઘળુ પાપરૂપછે. માટે શ્રી કૃષ્ણ ઉપાસના અવસ્ય કરવી. આ કરૂણાનંદમાં લખ્યું છે.

अथ संप्रदाएटलेशुं ? तेनांलक्षण.

श्रीपरमेश्वरप्राप्त्यपायसनातन
श्रृष्टाऽनुश्रृष्टोमार्गःसंप्रदायः १०

અર્થ—જેમાં શ્રી કૃષ્ણની પ્રાપ્તિ થાય એવો આગળથી ચાલતો આવેલો સનાતન ધર્મ તેને સંપ્રદાય કહેછે. તે વિષ્નુ ભગવાનથી લઇને શ્રી હરિવંશ ગો સ્વામીજી સુધી દર્શાવીયે છીયે.

आदौराधेशमंत्रस्य

वक्तानारायणःस्वयम् ॥
ब्रह्मणेऽथाहसोप्याह
नारदायाधिकारिणे ॥११॥

અર્થ જે મંત્ર શ્રી હરિવંશ ગોસ્વામીજી ને પીંળાના પાન ઉપરથી મળેલો તેજ મંત્રના પ્રથમ આચાય શ્રી લક્ષ્મીનારાયણ છે. તેજ મંત્ર ભગવાને બ્રહ્માજીને આપ્યો ને તેમણે પોતાના પુત્ર નારદજીને અધીકારી જાણીને આપ્યો.

सोपिराधापतेर्मंत्रं
व्यासायचशुकायच ॥
शुकःप्रोवाचतन्मंत्रं
कश्यपायचिरायुषं ॥१२॥

તેજ મંત્ર નારદજીએ વ્યાસદેવ પ્રત્યે કહ્યો ને વ્યાસ દેવ પોતાના પુત્ર શુકદેવજીને કહ્યો. અને તેમણે કસ્યપ જે આયુષ્યવાન હતા તેમને કહ્યો.

कश्यपःस्वसुतंप्राह
तन्मंत्रमचलेश्वरं ॥
सोच्युतेश्वरसंज्ञाय
सुतंहलधरायच ॥१३॥

અર્થ—કશ્યપઋષિએ પોતાના પુત્ર અચલેશ્વરજીને આપ્યો. તેમણે અચ્યુતેશ્વર નામના પુત્રને આપ્યો. અને તેમણે હલધર નામના પુત્રને આપ્યો.

सपुत्रंश्रीधरंप्राह
सपाणिधरमात्मजं ॥
सगंगाधरनामानं
राधाकृष्णमनुंजगौ ॥१४॥

અર્થ—હળધરજીના પુત્ર શ્રીધરજી, શ્રીધરજીના પાણીધરજી તથા પાણીધરજીના ગંગાધરજી નામે પુત્ર થયા. તે સર્વે ને પોતાના

પીતા પાસેથી તેજમંત્ર પ્રાપ્ત થયેલો છે.

एतेसप्तर्षयो गोःजाताः
भट्टाचार्यास्ततःपरम् ॥१५॥

અર્થ—ગંગાધરજી સુધી સાત રૂષિઓ થયા. ગંગાધરજીના પુત્ર વિજય ભટજી થયા. ત્યાંથી ભટ્ટ તથા આચાર્ય સંજ્ઞા ચાલતી થઈ.

विजयस्तस्यकुलजित्
तस्यविद्याधराभवत् ॥
तस्यजालयामिश्रोन्
न्मिश्रोहिमकरस्तथा ॥१६॥

અર્થ—શ્રી વિજય ભટ્ટાચાર્યજીના પુત્ર કુલજીત, તેમના વિદ્યાધરજી, અને તેમના જાલપ મિશ્રજી, તેમના પુત્ર હિમકર મિશ્રજી થયા; તેમણે પણ પોતાના પિતાથી મંત્ર લીધેલો છે. તે વખતથી મિશ્ર સંજ્ઞા ચાલતી થઈ.

तस्यजेष्टात्मजोजातो

नृसिंहाचार्यसंज्ञित:
कनिष्टोव्यासमिश्रोभूत्
हरिवंशस्तदात्मज: ॥१७॥

અર્થ—શ્રી હિમકરજી મિશ્રના પુત્ર મોટા નૃસિંહાચાર્યજી, તથા નાના વ્યાસ મિશ્રજી થયા; તેમને પોતાના પીતાથી તે મંત્ર પ્રાપ્ત થયો. શ્રી વ્યાસ મિશ્રજીના પુત્ર શ્રી હારવંશ ગોસ્વામીજી થયા. ત્યાંથી ગોસ્વામી સંજ્ઞા ચાલતી થઇ.

सतुराधापतेर्मंत्रंपितृ
व्यात्समुपेयवान् ॥१८॥

અર્થ—શ્રી હરિવંશ ગોસ્વામીજીને તેમના મોટા કાકા શ્રી નૃસિંહાચાર્યજીએ તે મંત્ર આપેલો છે. શ્રી હરિવંશ ગોસ્વામીજીના ચાર પુત્ર થયા.

वनचंद्रंकृष्णचंद्रं
गोपीनाथंचमोहनं ॥

૫ सुंदरंवल्लभंचैव

नागरंव्रजभूषणं ॥१९॥

અર્થ—(મોટા) શ્રી વંનચંદ્ર ગોસ્વામીજી, તથા શ્રી કૃષ્ણચંદ્રજી, તથા ગોપીનાથજી અને મોહનચંદ્રજી થયા. મોટા જે શ્રીવનચંદ્રજી મા-હારાજ તેમના ચાર પુત્ર થયા. સુંદરવરજી, તથા રાધાવલ્લભજી, તથા નાગરવરજી, તથા વ્રજભૂષણજી માહારાજ થયા, તેમણે પોતપો-તાના પીતાથી મંત્રોપદેશ લીધોછે. તેથી સ-નાતન આપણે વિષ્નુ સંપ્રદાયછે.

संप्रदायविहिनाये

मंत्रास्तेनिष्फलामता ॥२०॥

અર્થ—સંપ્રદાય શિવાયનો જે મંત્રછે તે નિ-ષ્ફળ જાણવો. તેથી સંપ્રદાયનો મંત્ર લેવો ઉ-ચીતછે.

अवैश्नवोपादिष्टेन

मंत्रेणनिरयंव्रजेत् ॥

पुनश्चविधिनासंम्यक्

वैश्नवात्ग्रह्येन्मनुः ॥२१॥

અર્થ—જેણે અવૈષ્નવ થકી મંત્ર લીધો હોય તે માણસ નર્કે પડેછે. માટે જે સંપ્રદાયના આચાર્ય હોય તેમની પાસેથી વિધી પૂર્વક મંત્ર લે તોજ તે વૈષ્નવ કહેવાય.

महाकुलप्रसुतोऽपि

सर्वयज्ञेपुदीक्षितः ॥

सहस्त्रशाखाध्याईच

नगुरुःस्यादवैष्नवः ॥२२॥

મોટા કુળમાં જન્મ્યો હોય, બધી જાતનાં ધર્મ કર્મ કરવાને લાયક હોય, તથા હજાર વેદની શાખા ભણેલો હોય, તો પણ અવૈષ્નવ હોય એવા ગુરૂ ન કરવા. આ બધાં પદ્મ પુરાણનાં વાકયોછે.

બૈષ્નવતથાઅવૈષ્નવએટલેશું ? તેમનાંલક્ષણ.

गृहीतविष्नुदीक्षाको
विष्नुपूजापरोनरः ॥
वैष्नवोविहितोभिज्ञै
रितरस्मादवैष्नवः ॥२३॥

અર્થ—જેણે વિષ્નુ દીક્ષા ગૃહણ કરી હોય તથા જેના કુલ પરંપરાથી ચાલુ હોય તે વૈષ્નવ કહેવાયછે અને જેણે પરંપરાથી વિષ્નુ દીક્ષા લીધેલી ન હોય તે અવૈષ્નવ કહેવાયછે.

अदीक्षतायेकुर्वंति
जपदानादिकाक्रिया ॥
नत्नवन्तिप्रियंतेषां
शिलायामुप्तवीजवत् ॥२४॥

અર્થ—કોઇ કહે કે સર્વ મંત્ર આગળથી ચાલુ છે અમે એ પુસ્તકમાંથી વાંચીને જપીશું પણ તે મંત્ર જપવાથી કંઇ પણ સારૂ થવાનું નથી.

વગર દીક્ષા લીધાનો જે મંત્ર છે તેથી કંઇ પણ દાન પુણ્ય અગર શુભ ક્રીયા કરે તો તેથી ફળ થવાનું નથી. જેમ પથરા ઉપર બી વાવવાથી તે ઉગતાં નથી તેમ તેને વિષે પણ જાણવું. માટે પોતાના ગુરૂપાસેથી કંઠી બંધાવીને મંત્રની દીક્ષા લેવી તોજ તે ફળદાયક છે.

अदीक्षतस्ययत्किंचित्
यातिसर्वमनर्थकम् ॥
पशुयोनिमवाप्नोति
दीक्षाहीनोमृतोनरः ॥२५॥

અર્થ—જે માણસે ગુરૂપાસે કંઠી નબધાવી હોય તેનાં સઘળાં શુભ કર્મ વૃથા જાયછે અને પશુ યોનિને પામે છે, તે જીવતાં મરેલા જેવો છે તેથી અવસ્ય કરીને ગુરૂ કરવા જોઇએ. આ બધાં પદ્મપુરાણનાં વાકય છે.

अथ गुरुलक्षणम्.

अवदातान्वयःशुद्धो

स्वोचिताचारतत्परः ॥
आश्रमीक्रोधरहितो
वेदवित्सर्वशास्त्रवित् ॥२६॥

અર્થ—શુદ્ધ વંશમાં જન્મેલો હોય પોતે શુદ્ધ હોય ને આચાર ક્રિયામાં કુશલ હોય, ગૃહસ્થી હોય, ક્રોધ રહિત હોય તથા વેદ અને સર્વ શાસ્ત્રનો જાણવાવાળો હોય.

श्रद्धावाननसूयश्च
प्रियवाक्प्रियदर्शनः ॥
शुचिःसुवेशस्तरुणः
सर्वभूतहितेरतः ॥२७॥

અર્થ—પોતાના ધર્મને વિશે શ્રદ્ધાવાન હોય તથા કોઈની નીંદા ન કરતો હોય, મીઠા બોલો હોય, તથા રૂપાળો હોય, તથા ઉજવળ વસ્ત્ર ધારણ કરતો હોય, યુવાન હોય, તથા સર્વ પ્રાણી ઉપર દયાવાન હોય.

धीमाननुद्धतमतिः
पूर्णोहंताविमर्षकः ॥
सगुणोर्चासुकृतधी
कृतज्ञःशिष्यवत्सलः ॥२८॥

અર્થ—ધીરજવાન હોય, ઉદ્ધત મતિત હોય, કોઈ વસ્તુની ખોટ ન હોય, અહુંકારી ન હોય, તત્વવેત્તા હોય, સગુણ બ્રહ્મની ઉપાસના કરતા હોય, પુન્યમાં જેની બુદ્ધી રહેલી હોય, સામાના કરેલા ઉપકાર જાણવાવાળો, પોતાના શિષ્યની ઉપર પ્યાર રાખતો હોય.

निग्रहाऽनुग्रहेशक्तो
होममंत्रपरायणः ॥
ऊहापोहप्रकारज्ञः
शुद्धात्मायःकृपालयः ॥
इत्यादिलक्षणैर्युक्तो

गुरुःस्यात्गरिमाबुद्धिः ।२९।

અર્થ-શ્રાપ દેવામાં તથા અનુગ્રહ કરવામાં શક્તિવાન, હોમમાં તથા મંત્ર જાપમાં તત્પર હોય, અર્થાત નીત્ય કરતો હોય, ખરૂ ખોટુ સમજવાવાળો, શુદ્ધ અંતઃકરણવાળો, કૃપાનીધી હોય, આ શીવાય બીજાં સારાં લક્ષણવાળો વધારે હોય તેવો ગંભીર બુદ્ધિવાન ગુરૂપણાવાળો ગુરૂ હોવો જોઇએ. આ મંત્ર મુકતાવલીમાં લખ્યું છે.

अथ शिष्यलक्षणम्.

शिष्यःशुद्धान्वयःश्रीमान्
विनीतःप्रियदर्शनः ॥
सत्यवाक्पुण्यचारितोद
अधीर्दंभवर्जितः ॥३०॥

અર્થ—શિષ્ય ઉત્તમ કુળવાન હોય, લક્ષ્મીવાન હોય નમ્ર હોય, રૂપવાન હોય, સત્યવકતા હોય, પ્રવીત્ર આચરણ કરતો હોય, પાખંડી ન હોય.

कामक्रोधपरित्यागी

भक्तश्चगुरुपादयोः ॥

देवताप्रणवःकायःमनो

वाग्भिर्दिवानिशम् ॥३१॥

અર્થ—કામ ક્રોધ રહીત હોય, ગુરૂચરણાર્વિંદમાં ભક્તીવાન હોય, મન, વાણી તથા કાયાએ કરીને અહો રાત્રી ભગવત ચરણારવિંદમાં ન મન બુદ્ધિવાળો હોય.

निरुजोनिर्ज्जिताशेष

पातकःश्रद्धयान्वितः ॥

द्विजदेवपित्रीणांच

नित्यमर्चापरायणः ॥३२॥

અર્થ—રોગ રહીત હોય, અર્થાત આ કુલમાં એવો રીવાજ છે કે બાલક મરતું હોય તે વખતે ગુરૂપાસે કંઠી બંધાવા જાય છે, તેવીવ-

અતે ન જવું જોઈએ તે. કોઇ પ્રકારનાં પ્રાયશ્ચિત્ત વાળો મનુષ્ય ન હોય, શ્રદ્ધાવાન હોય. બ્રાહ્મણ, દેવ, પીત્રી, માતા પોતાની નીત્ય શેવા કરતો હોય.

युवाविनियताशेष
करुणाःकरुणालयः ॥
इत्यादिलक्षणैयुक्तः
शिष्योदीक्षाधिकारवान्॥२३॥

અર્થ—યુવાન હોય, વિનયવાન હોય, સર્વ પ્રકારથી દયાવાન, એ સીવાય સર્વ સદ્‌લક્ષણ વાળા શિષ્ય દીક્ષાના અધીકારી થાય છે. ઇતિ મંત્ર મુક્તાવલી.

अथ दिक्षाअधिकारी.

ब्राह्मणानूक्षत्रियानूवैष्यान्
सच्छूद्रानूसस्त्रियोपिच ॥
विष्नुभक्तिरतानूसाधून्

दीक्षयेत्विधिनागुरुः ॥३४॥

અર્થ—બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ્ય, સત્સુદ્ર, સતી સ્ત્રી, તથા ભકતાંત્રાન સાધુ એટલા જણને ગુરૂ વિધીપૂર્વક દીક્ષા દે. આ વિશ્નુયામલમાં લખ્યુ છે દીક્ષાની વિધી વધારે છે પણ ગ્રથમાં વિસ્તાર વધી જાય માટે લખ્યું નથી.

सत्सम्रूद्रएटलेशुं ? तेनांलक्षण.

मात्रितःपित्रितः

शुद्धोवैष्यव्रत्तिरलंपटः ॥

मद्यमांसानिव्रत्तश्च

सच्छूद्रपरिकीर्त्तितः ॥३५॥

અર્થ—જેનાં માબાપ એકજ જાતનાં શુદ્ધ હોય, વેપાર વૃતી કરતો હોય, સ્ત્રી લંપટ ન હોય મદ્ય માંસહારી ન હોય તેવાને સચ્છૂદ્ર કહીયે. જેમ. માથુર, કાયસ્ત, હજામ, ઘાંચી, કણબી, ઈત્યાદીક આ પારાશરસ્મૃતીનું વાક્યછે.

सतस्त्रीनांलक्षण.

मुख्यंसल्लक्षणंतासां
व्यभिचारादिवर्ज्जनम् ॥
पतिभाववतीनारी
सासतीपरिकीर्त्तिता ॥३६॥

अथ दीक्षाकाल.

यदैवेच्छातदादीक्षा
गुरोराज्ञानुरूपतः ॥
नतीर्थनव्रतंहोमो
नस्नानंनानिजाक्रिया ॥३७॥

અર્થ—સ્રી વ્યભિચારી ન હોય તેજ, સ્રોનુ સતપણું છે પોતાના પતીની સાથે ભાવ રાખતી હોય તેને સતી કહે છે. તે દીક્ષાધીકાર છે. ઇતી સ્મૃતી.

અર્થ—જ્યારે ગુરૂની આજ્ઞા હોય ત્યારે દી-

ક્ષાલે, તેને તીર્થ, વૃત, હોમ તથા સ્નાનાદીક સતકલશા વિધાન આદી ક્રીયા કરવાની જરૂર છે પણ ગુરૂ આજ્ઞાથી તેના બાધ નથી ઇતી બીભ્રુંયામલ.

दीक्षायाकारणांकिंतु
स्वेच्छाप्राप्तेतुसद्गुरौ ॥
तात्कालिकंमुहुर्त्तंतु
शुभंग्राह्यंशुभार्थिना ॥३८॥

અર્થ—સદ્ગુરૂની જ્યારે ઇચ્છા થાય ને પોતે આજ્ઞા દે તેજ તાત્કાલીક દીક્ષાના વખત છે. શુભેચ્છવ કરતા હોય તેમણે આ પ્રમાણે વ. ર્તવું જોઇએ. ઇતીતત્વસારે.

वैष्नवनेगुरुसाथेवर्त्तवानोरोत.

उदकुम्नंकुशापुष्पं
समिधोस्याहरेत्सदा ॥
मार्ज्जनंलेपनंनित्य

मंगानांवाससांचरेत् ॥३९॥

અર્થ—પાણી, કુશા, ફલ, સમીધો વિગેરે નિત્ય શેવાની સામગ્રી લાવે. શેવાના ચોકો દે, તથા તેમનાં ધોતીયાં વિગેરે ધુવે.

इत्तिकौर्मेव्यामगीतामां.

नास्यनिर्माल्यशयनं
पादुकोपानहावपि ॥
आक्रमेदासनंछाया
मासंदीवाकदाचन ॥४०॥

અર્થ—ગુરૂની પેહેરેલી માળા, સૈયા, પાવડીઓ, પગરખાં, આસન, તેમની છાયા. ગાદી આટલાંને ઉલંઘવું નહિ.

साधयेत्दंतकाष्ठादीन्
कृत्यंचास्मैनिवेदयेत् ॥
अनापृछन्नगंतव्यं

भवेत्प्रियाहितेरतः ॥४१॥

અર્થ—દાતણ વિગરે જોઇતો સામાન આણી આપે, તે જે પ્રમાણે આજ્ઞા કરે તેમ વર્ત્તે, તેમની રજા શિવાય જાય નહીં. જે પોતાના હિતની ઇચ્છા કરે તેણે આ પ્રમાણે વર્ત્તવું.

नपादौसारयेदस्य

संनिधानेकदाचन ॥

जृंभाहास्यादिकंचैव

कंठप्रावरणंतथा ॥४२॥

અર્થ—ગુરૂની આગળ લાંબા પગ કરીને ન બેસે, બગાસુ ન ખાવું, હાંસી ન કરે, અને ગળામાં ગલપટા ન બાંધવા.

वर्ज्जयेत्संनिधौनित्य

मथास्फोटनमेवच ॥४३॥

અર્થ—ગુરૂની આગળ હાથ પગની આંગળીના કડાકા ન વગાડવા, તથા આળસ ન

આવી. આ નારદ પંચ રાત્રિના વાક્યો છે.

आयांतमग्रतोगच्छेत्
गच्छंतंचअनुव्रजेत् ॥
आशनेशयनेवापि
नातिष्टेदग्रतोगुरो ॥४४॥

અર્થ—ગુરૂ જ્યારે પોતાના ગામને વિશે પધારવાના હોય, ત્યારે તેમના સામે જવું. તથા જ્યારે બીજા ગામને વિશે પધારે ત્યારે વળાવા જવું. તેમની સમક્ષ, આસન ઉપર, ખાટલા ઉપર, તથા ઉંચે સ્થાને બેસવું નહીં. ઇતી નારદ પંચ રાત્રે.

यत्रयत्रगुरुंपश्येत्
तत्रतत्रकृताजलि ॥
प्रणमेत्दंडवत्भूमौ
छिन्नमुलइवद्रुमः ॥४५॥

અર્થ—જે જે ઠેકાણે પોતાના ગુરૂને જુવે તે તે ઠેકાણે સાષ્ટાંગ દંડવૃત કરે જેવી રીતે મુળમાંથી ઝાડ જમીન ઉપર નીચું પડે છે તેવી રીતે દંડવૃત કરવા. સ્ત્રીઓએ પંચાંગ દંડવૃત ગુરૂને કરવા. ઇતી મનુસ્મૃતિ.

नतमाज्ञापयेन्मोहात्
तस्याज्ञांनचलंघयेत् ॥
नानिवेद्यगुरोर्किंचित्
भोक्तव्यंवागुरोस्तथा ॥४६॥

અર્થ—મોહ વડે કરીને ગુરૂને કંઇ આજ્ઞા ન કરે. તેમની આજ્ઞા ઉલઘન ન કરે. ગુરૂએ પ્રસાદી ન કર્યો હોય એવી અમનિયા સામગ્રી ગુરૂએ ભોજન ન કરેલું હોય તે પદાર્થ પેહેલેથી ખાવો નહીં. જે ગુરૂ પ્રસાદી આપે તે ખાવો.

नोदाहरेत्गुरोर्नाम
परोक्षमपिकेवलं ॥

नचैवास्याऽनुकुर्वीत
गतिभाषणचेष्टितम् ॥४७॥

અર્થ—ગુરૂનુ નામ એકલું લઇને બોલવુ નહીં. તેમની પૂઠે ગુરૂની માફક ચાલ ચાલવી નહીં. તથા તેમની માફક બોલવું નહીં. તથા તેમની ચેષ્ટા ન કરવી. ઇતી મનુસ્મૃતિ.

यथातथायत्रतत्रन
गृह्णीयाच्चकेवलं ॥
अभक्त्यातुगुरोनाम
गृह्णीयाच्चयतात्मवान् ॥४८

અર્થ—કંઇ પણ જુજ બાબાતમાં ગુરૂની પ્રતીજ્ઞા ન કરે. અને અનાદરથી નામ લે નહીં. જેમકે ફલાણા માહારાજ જોયા હવે આવું બોલવું નહીં. ઈતી નારદ પંચ રાત્રે.

प्रणव:श्रीस्ततोनाम
विष्नुशब्दोप्यनंतर ॥

पादशब्दसमेतःस्यान्न

तंमूर्द्धांजलींयुतः ॥४९॥

ॐ श्री अमुक विष्णुपाद आ रीते हाथ જોડીને દંડવૃત કરીને ગુરૂનું નામ લેવું. જેમકે શ્રી વિષ્ણુપાદ શ્રી શ્રીગોસ્વામીજી મનોહર વ- લ્લભજી મહારાજજીનો હું શરણાંગતછું. આ વી રીતે જે પોતાના ગુરૂનું નામ હોય તે ઉ- ચ્ચારણ કરવું.

परमगुरुसाथेकेवीरीतेवर्त्तवुं.

गुरोर्गुरोसंनिहिते

गुरुवत्वृत्तिमाचरेत् ॥

नचाविसृष्टोगुरुणास्वान्

गुरुनाभिवादयेत् ॥५०॥

અર્થ—પોતાના ગુરૂના જે ગુરૂ એટલે પર- મગુરૂ તેમની શેવા ચાકરી પોતાના ગુરૂની માફક કરવી. આપણો અપરાધ પડવા ઉપર-

થી પરમગુરૂએ આપણને વિમુખ કર્યો હોય ત્યારે પોતાના ગુરૂ પાસે કહેવો નહીં. તથા અપરાધ ક્ષમા ન કરાવવો જ્યારે પરમગુરૂ સનાથ કરે ત્યારે શુદ્ધ થાય. ઈતી મનુસ્મૃતી.

नगुरोरप्रियंकार्य्यं
ताडितःपीडितोपिवा ॥
नावमन्येततद्वाक्यं
नाऽप्रियंहितमाचरेत् ॥५१॥

અર્થ—પરમગુરૂ આપણને લાકડીયે મારે અનેક પ્રકારે દુઃખ દેતા હોય તોપણ તેમનું વચન ઉથાપવું નહીં. તે જેમ રાજી રહે તેમ વર્તવું. તેમને રીસ આવે તેમ ન કરે. ઈતી મનુસ્મૃતી.

आचार्य्यायप्रियंकुर्य्यात्
प्राणैरपिधनैरपि ॥
कर्मणामनसावाचा

सयातिपरमांगतिम् ॥५२॥

અર્થ—પોતાના આચાર્યને પ્રીય લાગે તે કામ તન, મન, ધનવડે, જે જીવ કરે છે તે પરમગતીને પામે છે. ઇતી વિષ્નુસ્મૃતી.

योवक्तिन्यायरहित

मंन्यायेनश्रृणोतियः ॥

तावुभौनरकंघोरं

व्रजतःकालमक्षयम् ॥५३॥

અર્થ—જે ગુરૂ અન્યાયથી શિષ્યને અણુઘટતી વાર્તા કહે, અને શિષ્ય તે વાર્તા માન્ય કરે. તો તે ગુરૂ શિષ્ય બંને સૂર્ય ચંદ્ર રહે ત્યાં સુધી નર્કમાં રહે છે. ઈતી નારદ પચ રાત્રા.

गुरुपुत्रादिसेवाविधि.

श्रेयस्तगुरुवत्

वृत्तिर्नित्यमेवसमाचरेत् ॥

गुरुपुत्रेषुदारेषु
गुरोश्चापिस्वबंधुषु ॥५४॥

અર્થ—જેમ પાછળ લખેલી ગુરૂ પુજાની રીત કહીછે તેમ ગુરૂની પુત્રી, પુત્ર, સ્ત્રી, ભાઈ, તેમના કુટુંબી, કાકા. ભત્રીજા વિગેરેની શેવા કરે તે। જ તેનું કલ્યાણ થાય. ને સદ્ગતીનો અધીકારી થાય. આ કુર્મ પુરાણમાં વ્યાસ ગીતાનુવાકય છે.

प्रमादाद्यादिनोकुर्यात्
पात्युभौनरकेध्रुवम् ॥
नतेषुक्लिष्यमाणेषु
त्रिवर्गोऽर्थायकल्पते ॥५५॥

અર્થ—કોઇ એમ કહે કે અમે પોતાના ગુરૂ શિવાય બાજાની શેવા કરતા નથી તો ગુરૂ તથા શિષ્ય બને નર્કમાં પડે છે. કેમકે ગુરૂના કુટુંબી દુઃખી થવાથી તેનું ધર્મ અર્થ કામ સર્વે વૃથા છે. કુટુંબીની તથા આચાર્યનો

આત્મા દુઃખી થવાથી નર્ક પ્રાપ્તી થાય છે. આ વિષ્નુ સ્મૃતીનું વાકય છે. દશમમાં પણ ભાગ વત વચન એજ પ્રમાણે છે.

दशांशंगुरुवेदद्यात्
जपहोमार्चनोभ्द्वं ॥
तथोपार्जितवित्तस्यदेयात्
गुरुकुलोभ्द्वान् ॥५६॥

અર્થ—જપ, હોમ, દેવાર્ચન વિગેરે સર્વે શુભ કર્મમાંથી ગુરૂને દશાંશ અર્પણ કરે તથા જે પોતાનું ધન કમાયેલું હોય તેનો દશાંશ દ્રવ્ય ગુરૂના ભાઈ ભાંડુ ને આપે.

योगुरुःस्वकुलंपाति
तार्हिवित्तदशांशभाक्
यदितेक्लिष्यमाणेषु
नदेयात् गुरुवेक्वचित् ॥५७॥

અર્થ—જયારે ગુરૂ પોતાના ભાઇભાંડું વિગેરેનું પાલન પોશાણ કરતા હોય ત્યારે દશાંશ દ્રવ્ય પોતાના ગુરૂને અર્પણ કરવું. ને તે પોષણ ન કરતા હોય તો તેમના કુટુંબને વેંચી આપવું. સર્વ વૈશ્નવજન પોત પોતાનો દશાંશ એક ઠેકાણે રાખે ને તેમાં વધારો કરતા જાય. તેમાંથી પધરામણી તથા ચર્ણ સ્પર્શ તથા ગૌ બ્રાહ્મણ સાધુ શેવા પણ કરતો રહે. ઇતીસ્મૃતી.

गुरुःशिष्यंपुत्रेणपश्यतीति५८

અર્થ—ગુરૂ પોતાના શિષ્યને પુત્ર તરીકે માને પુત્ર તેજ કે પુનામાનકેછે તેથી જયારે ઉદ્ધાર કરે ત્યારે તે પુત્ર કહેવાય. જેમ પૃથુ મહારાજે

चारवर्णनाधर्मयथा.

वर्तेतब्राह्मणाविप्रो
राजन्योरक्षयाभुवः ॥
वैश्यस्तुवार्त्तयाजीवेत्,
शूद्रस्तुद्विजसेवया ॥५९॥

બ્રાહ્મણને યજ્ઞોપવીત આદી લઇને સાંધ્યો પાસન બ્રહ્મચર્ય વેદાધ્યયન, પઠન, પાઠન, યજ્ઞ કરવો, કરાવવો, માર્જન, તર્પણ, રૂષિધર્મ, વૈશ્વદેવ, હરિગુરૂ શેવા, ઉપદેશ લેવો તથા કરવો, દાન, દક્ષણા, જમવું, જમાડવું, આદી વૃત્તાદીક કરવુ, કરાવવું, દરરોજ ત્રણસેંચોવિશ ગાયત્રી, સૂર્ય ઉપસ્થાનાદીક બ્રાહ્મણોનાં નિત્યકર્મ છે. ક્ષત્રીને સ્વધર્મ પાળવો. પ્રજા તથા પૃથ્વી રક્ષણ કરવું. વૈસ્યને સ્વધર્મ તથા વાર્તા, જીવીકા કરવી. શુદ્રને ધર્મ પાળવો. તથા બ્રાહ્મણ સેવા રૂપ જીવીકા કરવી. આગળ લખ્યા પ્રમાણે સર્વને કરવુ જોઇએ. આ દશમનું વાક્યછે.

ब्राह्मणने वधारे गायत्री करवानुं कारण.

परान्नेदशगायत्री,
शतंवैश्राद्धभोजने ॥
श्रीमंतेपंचशतप्रोक्तं,
अयतंप्रेतभोजने ॥६०॥

બીજાનું અન્ન ખાય ત્યારે દશગાયત્રી વધારે

કરવી. આવભોજનમાં સો, શ્રીમંતમાં જમે ત્યારે પાંચસે અને બારમું ખાય ત્યારે દશહજાર ગાયત્રી વધારે કરવી પડે. આવા કારણથી દરરોજ વધારે જપ કરવો. આ મહજનવાકય છે. બ્રાહ્મણની વૃત્તી નીચે મુજબ છે. સીલોચન તથા ફલ ફુલ, પાનડાં તથા ભીક્ષાવૃતી, યજ્ઞયાગાદી વૃત્તી, કરીને દેહનિર્વાહ કરવો. બ્રહ્મચારીને ફળાહાર કરવો. વનવાશીને ફળ ફુલ, જળ અહારકરવો. બાલખીલ્યરૂષિ ધર્મવાળાને નવાંન્ન ભોજન, ઉદંબર વૃત્તીવાળાને પડેલાં ફળ ખાય, ફેનપ વૃતીવાળાને કોઇએ આપેલાં ફળ ખાય. કુટીચકને જવાહાર કરવો. પરમહંસને કોઇ ખવરાવે તો ખાય, પણ હાલની વખતમાં કંઇપણ ગુણ સંપાદન કરીને નિર્વાહ કરે. ઇતી મહજનવાકય.

सूतकेमृतकेवापि,
संध्याकर्मनसंत्यजेत् ॥
मनसोच्चारयेन्मत्रान्
प्राणायाममृतेद्विजः ॥६१॥

વૃદ્ધીસુતકમાં તથા મૃતસુતકમાં બ્રાહ્મણે સંધ્યાકર્મ મુકવું નહીં. તેમાં પ્રાણાયામ ન કરવો. અને મંત્ર મનમાં બોલવો. ઇતિયમસ્મૃતી.

श्रुतिःअहरसंध्यामुपासीतेति॥

નિત્ય ત્રિકાલ સંધ્યા કરવી. આ વેદની શ્રુતિ વાકય છે.

राष्टक्षोभेनृपक्षोभे,
रोगार्तिक्षयसूतके ॥
संध्यावंदनविच्छिति,
नदोषायकदाचन ॥६३॥

જો રાજ ઉપદ્રવ હોય તથા રાજા આપણા ઉપર નારાજ હોય, તથા રોગથી અશક્તિ હોય તથા ઘરમાં કોઇ મરી ગયું હોય તેની અંદર જો સંધ્યાવંદન ન થાય તો દોષ નથી. ઇતીયાજ્ઞવલ્ક્યસ્મૃતી.

अथ क्षत्री धर्म

धर्मप्रागेवचिन्त्यंसचिव,

गतिमतिर्बोधनीयंसदैव ॥
ज्ञेयंलोकाऽनुवृत्तंवरचर,
नयनेर्मंडलंप्रेक्षणीयं ॥
प्रक्षाल्यौरागरोपौमृदु,
परुषतरौयोजनीयौचकाले ॥
आत्मायत्नेनरक्षेद्रणसि,
पुनर्सौपिनावेक्षणीया ॥६४॥

ક્ષત્રીને પ્રથમ પોતાના ધર્મનો વિચાર કરવો. તથા સંધ્યા, દેવ, બ્રાહ્મણ, ગુરૂસેવા, ગાયત્રી, યજ્ઞદાનાદિક કરવાં. શાસ્ત્ર ભણવાં તથા પંડિત રાખીને બીજાને ભણાવવાં. પાઠશાળા કરવી. સર્વ ધર્મ ક્રિયા કરે. પ્રજા પાલન, ગૌ, બ્રાહ્મણ રક્ષા કરવી. પોતાના દીવાન સાથે સલાહથી વર્તવું. દીવાનને પોતે રાજનીતિ સમજાવતો રહે તથા રાજ અને રૈયત સંબંધી વાર્તા ઉપર લક્ષ

આપે. તથા નોકરોથી રાજચર્ચા જોતો રહે. પોતાની પ્રસન્નતા તથા રાસ પોતાને સ્વાધીન રાખે એટલે સમયચક્ર ચક તે ગુણ ગ્રહણ કરે પોતાના આત્માની સદૈવ રક્ષા કરે. ભોજનાદીક ક્રિયા વિશ્વાસવાળાને હાથથી કરે. લડાઇમાં પોતાનો આત્મા બચાવવાને ઇચ્છતું નહીં એટલે શુરાપણું રાખવું ઇતી રાજનિતી.

उत्खातान्प्रतिरोपयन्कुशुमि
तान्चिंन्वन्लघन्वर्द्धयन् ॥
प्रोतुंगान्शमयन्नतान्समुदय
नम्लानानमुहुःसेचयन् ॥
अंतःकंटकनोबाहिर्निरमयन्,
विश्लेषयनसंगतान् ॥
मालाकारइवप्रयोगनिपुणो,
राजाचिरंनंदति ॥६५॥

જેવી રીતે માળી પોતાના બાગને સંભાળીને રાખેછે, તેવી રીતે રાજા પોતાની પ્રજાની સંભાળ રાખે. ત્યારે બહુ વર્ષ સુખે રાજ ભોગવે. કોઇ માણસ પોતાના ગામથી દુર દેશાવર દુકાળથી તથા ગમે તે કષ્ટથી ગયો હોય તો તેને લાવીને સ્વસ્થાનમાં વસાવવો. રાજદંડવાળાને ન વસાવે. ધનવાન પાસેથી કર લેવો. ગરીબને હરેક ઉદ્યમે લગાડીને પૈસાદાર કરવા. જે તોફાન કરી જબરાઇ બતાવે તેને દંડ દઇ પાંસરા કરવા. જે દુઃખ દારીદ્રથી ગરીબ થયા છે અને કંઇ પણ ઉંચા થવાની સત્તા નથી તો તેને કંઇપણ આજીવીકા દેવી. અને આંધળાં. લુલાં, લંગડાં આદા ભીખારીને વારંવાર અન્ન ખવરાવવું. કોળી, ભીલ, તથા લડવાડીયા માણસને કોટ બહાર વસાવવા. દશ જણ ભેગા થઇને લડાઇ આદિક વિચાર કરતા હોય તેને નોખા કરવા. આ પ્રમાણે વર્તે તો રાજને કંઇ હરકત આવે નહીં. ઇતી રાજનીતી.

अथ वैश्यधर्म.

कृषिवाणिज्यगोरक्षा,

कुसीदंतूर्यमुच्यते ॥६६॥

વાણીયાને ખેતી તથા વેપારકરવો. ગૌ રાખે તના ઘી દુધનો વેપાર કરે તથા વ્યાજનો ધંધો કરે તથા ગમે તે ગુણવડે રાજાની સેવા કરે. આ દશમનું વાકયછે.

शुद्रस्तुद्विजसेवया ॥६७॥

શુદ્ર ચાકરી નોકરી કરીને પોતાનું ગુજરાન કરવું તથા બ્રાહ્મણની શેવા કરવી. ઈતી દશમે.

अथ स्त्री धर्म.

भर्तुःशुश्रुषणंस्त्रीणां,
परोधर्मोह्यमायया ॥
तद्बंधूनांचकल्याण्यः,
प्रजानांचानुपोषणम् ॥६८॥

પોતાના પતીની આજ્ઞામાં રહેવું. નિષ્કામતાથી તેની શેવા કરવી. કપટ રહીત પોતાનાં સાસુ, સસરો, નણંદ, દીયર, જેઠ વિગેરેની પ્રી-

તીપૂર્વક સેવા ચાકરી કરવી. તથા શોકના બાળકનાં પોતાના બાળકની પેઠે રક્ષા કરવી. તથા પોતાના કુટુંબના બાળકનુ પોષણ કરવું. પતી સીવાય બીજા પુરૂષનાં ઇચ્છા ન કરે. એજ સ્ત્રીનો પરમ ધર્મછે. ઇતિ દશમે.

दुःशीलोदुर्भगोवृद्धो,
जडोरोग्यधनोपिवा ॥
पतिःस्त्रीभिर्नहातव्यो,
लोकेप्शुभिरपातकी ॥६१॥

જો પોતાનો પતિ ટંટા ખોરાંચો, તથા ભાગ્ય હીણ, ઘરડો, રોગી, મૂર્ખ હોય તો પણ તેને છોડવો નહીં. તેની આજ્ઞા મુજબ વર્તવું. પતીયે જો બ્રહ્મહત્યા, ગૌહત્યા, સ્ત્રીહત્યા, બાળહત્યા ઇત્યાદીક પાતકી હોય તો તેને છોડી દેવો. કેમકે તેનો સંગ કરવાથી પોતે પાતકી થાયછે. આ ભાગવત વાક્ય દશમનું છે.

अथ वैधव्य धर्म.

ननृत्यंनगानंनहास्यादिकंच,
नवाःसख्यगोष्टीनपर्यंकचशयनं॥
सुकर्त्तव्यनित्यंगुरोश्चर्णध्यानंव्रतं
दानतीर्थंभुजंगप्रयाते ॥७०॥

પતીના ગુજરી ગયાપછી સ્ત્રીએ નૃત્ય, ગાન, શણગાર, હાસ્યવિનોદ, મિષ્ટાન્ન ભોજન, એકાંત વાર્તા, લંપટ સંગ, ઉજાણી ન ખાવી. વિષય વાર્તાદિક ન કરે, ખાટલે સુવે નહીં. શોખ ન ભોગવે. ઈત્યાદીક ન કરે. ધોળુ વસ્ત્ર પેહેરવું સાદી રીતે રહેવું, માબાપ તથા સાસરીયાંની આજ્ઞા પ્રમાણે વર્તવું. હરીગુરૂના ચરણારવિંદનું અહુરનાશ ધ્યાન રાખવું. સર્વ વિષ્ણુ વૃત્ત કરવાં. દાનાદીક તથા તીર્થયાત્રા કરવી. આ પ્રમાણે દેહ નિર્વાહ કરવો. આ કક્ષ્ય પરૂપિનુંવાક્યછે.

विधवानांनकर्त्तव्यं,
शृंगारादिशुभाक्रिया ॥

यथाकष्टेनदेहादिधारणं,
नियमेनच ॥७१॥

વિધવા સ્ત્રીઓએ, ચાંલ્લો ચોટલો આદી જેથી વિષય ઉત્પન્ન થાય તેવો શણગાર ધારણ ન કરે, વૃતાદિ નિયમવડે દેહનેયથા કષ્ટ આપે. પોતાના ગુરૂને ત્યાં તથા બાપ, સાસરે જવું પણ બીજાં સંબંધીને ત્યાં વગર બોલાવે તથા અવસ્યના કામ શિવાય જવું નહીં. આ પ્રમાણે વર્તવું. આ મહજન વાકયછે.

सभर्तृकाचविधवाहरेः,
पूजांकरोतिया ॥
साप्युद्धरतिचात्मानं,
कुलैकोत्तरंशतम् ॥७२॥

સધવા તથા વિધિવા સ્ત્રીઓ છે તે ભગવત શેવા પૂજા કરે તો તે પોતાના આત્માનો તથા એકસોએક કુલનો ઉદ્ધાર કરેછે. તેથી સર્વ સ્ત્રી-

યોએ ભગવત શેવામાં ધ્યાન લગાવવું. આ સ્કંધપુરાણમાંછે.

अथ ब्रह्मचारीनो धर्म.

यत्किंचित्अंनपानादि,
प्रियंद्रव्यंमनोरमं ॥
समर्प्यगुरुवेपश्चात्,
स्वयंभुजीतप्रत्यहम् ॥७३॥

બ્રહ્મચારીના ધર્મ બહુ છે પણ લખતાં વધારે થઈ પડે માટે સંક્ષેપમાં લખીયે છીએ-વિદ્યાભ્યાસ તથા સંધ્યોપાસન આદિ ષટકર્મ કરવાં. ગુરૂની આજ્ઞા પ્રમાણે સર્વ પ્રકારે શેવા કરવી. અનજળ દ્રવ્યઆદિ જે પોતાને પ્યારી લાગે તેવી વસ્તુ પેહેલાં ગુરૂને અર્પણ કર્યા સીવાય વાપરવી નહીં. આ રીતે ગુરૂકુળમાં રહીને વિદ્યા ભણી ગુરૂની આજ્ઞા લઇને પોતાને ઘેર આવીને ગૃહસ્થાશ્રમ ધર્મ પાળે. પોતાની સ્ત્રીને પરણ્યા પછી ગુરૂપાસે વૈશ્નવ દીક્ષા દેવરાવે આ વિશ્નુ સ્મૃતિમાં લખ્યુછે.

अनन्यधर्म.

सर्वधर्मान्परित्यज्य,
मामेकंशरणंव्रज ॥
अहंत्वांसर्वपापेभ्यो,
मोक्षयिष्यामिमाशुच ॥७४॥

શ્રીકૃષ્ણ ભગવાન પોતાને મુખથી કેહે છે કે તું સર્વ ધર્મને છોડીને મારે શરણે આવ, તો હું તને સર્વ પાપથી મુક્ત કરીશ. ને તારો મોક્ષ કરીશ. આ ગીતા શ્રુતી છે. ભગવત મળ્યા સીવાય આ પ્રમાણે શી રીતે બને તેને સારૂ ભગવત વાક્યછે કે—

आचार्य्यंमांविजानीयात्॥७५॥

અર્થ - જે આચાર્ય છે તે મારૂ રૂપ છે માટે તેમનો આશ્રય લીધા થકી જીવ છે તે સર્વ પાપ થકી મુક્ત થાયછે. ઈતી. ગીતા શ્રુતી.

શ્રી હિત હરિવંશ ગોસ્વામીજીને કહેલા જે અનન્ય માર્ગ જેને લોકમાં પુષ્ટી માર્ગ કહેછે

તેને વિશે પ્રાપ્ત થયેલા જીવને શી રીત વર્તવું તેની રીત પ્રથમ ગુરૂ શરણે થઇને નવધા ભક્તી કરવી.

नवधाभक्ति एटलेशुं.

श्रवणंकीर्तनंविष्णो:
स्मरणंपादसेवनं ॥
अर्चनंवंदनंदास्यं,
सख्यआत्मनिवेदनं ॥७६॥

અર્થ—નિકુંજ લીલા તથા શ્રી મદ ભાગવતના કથા સાંભળવી. તથા આપણા ઘરની વાણી. ચોરાશી સેવક વાણી. તથા ગોસ્વામીજી પ્રાગટ્ય કથા વાર્ત્તા સાંભળવી. ગાન તથા સ્મર્ણ કરવું. ભગવત ચરણારવિંદની શેવા કરવી. પગ દબાવવા, પુજન કરવું. દંડવત કરવા. તથા ભગવતદાસ એટલે અનુચરની પેઠે સર્વ કામમાં તત્પર રહેવું. તથા પોતાના મનમાં સખી ભાવ રાખવો. કે હુ શ્રી રાધકાજીની સહચરી છું.

તથા તન, મન, ધન, ગૃહ, કુટુંબ, પુત્ર, સ્ત્રી, પશુ-આદિ શ્રીજીનો છે. હુંતો શ્રીજીને શરણે છું. મારૂં કાંઈ નથી હું તો ફક્ત નિમિત્ત માત્ર છું. આવી રીતે નવધા ભક્તી કરે. આ શ્રી મદભાગવતમાં લખ્યુંછે.

तेंभक्तिबेप्रकारनीछे ॥सूत्रं॥

सापरानुरक्तीरीश्वरे इति॥७७॥

એક ભક્તિ રાગાનુંગા; બીજી પ્રેમ લક્ષણા; રાગાનુગા તે સંકલ્પ વાળીછે એ સાધારણ છે તે દેહાધ્યાસછે ત્યાંસુધી કરવાનીછે. અને જે પ્રેમ લક્ષણા છે તે ઇશ્વરને વિષે પરમ અનુરાગ વાનછે. આમાં દેહાધ્યાસ રહેતો નથી. આ ભક્તિભાષ્યમાં લખ્યુંછે. તે હરવંશ ગોસ્વામીજી પોતે કહેછે.

लिखंतिभुजमूलतोनखलु,

शंखचक्रादिकं॥

विचित्रहरिमंदिरं,

नरचयांनेभालस्थले ॥
लसत्तु त्रसिमालिकां,
दधतु कंठपीठनवा ॥
गुरांभजनाविक्रमात्,
कविहितेमहाबुद्धयः ॥७८॥

અર્થ—જ્યારે શ્રીગોવાલ્લભના ચરણારવિંદ વિષે આ જીવને પ્રેમલક્ષણા અનંન્યતા પ્રાપ્ત થઈ ને મહા અવસ્થા પ્રાપ્ત થાય ત્યારે તિલક છાપાં તથા માળાઆદિ સત કર્મ ગુરૂનો બતાવેલો મત્રઆદિ કરે અથવા ન કરે, જ્યારે દેહાધ્યાસ ન હોય ત્યારે દરકાર નથી. એટલે દોષ નથી. આવાં પરમહંસનો ધર્મછે. આ શ્રીરાધા રસ સુધાનાંધીમાં લખ્યુંછે તથા દુરદપાસ્ય ઇત્યાદીકમાં બહુ વાક્યછે પણ ગ્રથમાં વિસ્તાર વધારે થઇ પડે માટે લખ્યુ નથી.

विरक्त वैष्णव धर्म.

भ्रातास्तिष्ठतलेतलेवि,

पिनांग्रामेषुभिक्षामट ॥
स्वच्छदंपिबयामुनंजलमलं,
चीरैःसुकंथांकुरु ॥
सम्मानंकलयातिघोर,
गरलंनीचावमानंसुधां ॥
श्रीराधामुरलीधरौ,
भजसखेवंद्रावनंमात्यज। ७१॥

અર્થ—હરકોઇ ઝાડ નીચે રહેવું. ગામમાંથી
માધુગરી લાવીને ઉદર પોષણ કરવું શ્રી જ-
મનાં જલપાન કરવું. તથા ચીંથરાંની ગોદડી
ટાઢમાં ઓઢવી. લંગોટી ધારણ કરવી. આપણું
સનમાન કરે તેને વિશ તુલ્ય ગણે ને જે અપ-
માન કરે તેને. અમૃત તુલ્ય જાણે. શ્રી રાધા
કૃષ્ણનું ભજન કરે શ્રી વનધામવિશે નિત્ય લીલા
દેખતા રહે ને વૃંદાવનને ન છોડે. આ પ્રબો-
ધાનંદજીનું વાક્યછે તે વૃંદાવનમાં સત લખ્યુંછે.

चीराणिकिंपथिन,
संतिदिशंतिनिक्षां ॥
नैवांघ्रिपापरिनृता,
शरितोपिसुस्यतू ॥
रुद्धागुहाकिमाजितो,
प्यथनोपपंनान् ॥
कस्मात्भजंतिकवयो:,
धनदुर्मदांधान्   ॥८०॥

અર્થ—રસ્તામાં ચીંથરાં પડયાં હોય તેની લંગોટી કરે. ગમે તે તરફ જઇને ભિક્ષા લઇ આવે. તથા પરોપકાર અર્થે ઝાડ થયાંછે તેનાં ફળ ફુલપત્ર ઇત્યાદી ખાય. પહાડોના ગુફામાં પડયો રહે. સર્વ ભય થકી શ્રીહરી રક્ષા કરે. એવા જે વિરકત છે. તે ધંનવાળા મતમદથી આંધળા થયેલા ખોટા બુદ્ધીવાળા તેવા પુ-

રૂપની ઇચ્છા કરતા નથી. આ દ્વિતિય સ્કંધ-
માં લખ્યુ છે.

दृढधर्म.

स्वधर्महापाषंडफलंतुक्तो॥८१॥

અર્થ—જે પોતાના ધર્મને ખોટા જાણીને બીજાની સારી અથવા સાંભળિને જે પોતાનો પ્રાચીન ધર્મ છોડી દેછે તે પાપી પાખંડનાં ફળ જે નર્ક છે તે ભોગવેછે. આ પંચમ સ્કંધમાં લખ્યું છે. તેથી પોતાના ધર્મમાં દ્રઢ વિશ્વાસ રાખવો.

येगुरुवाज्ञांनकुर्वंति,
पापिष्ठाःपुरुषाऽधमाः ॥
नतेषांनरकक्लेशान्,
निस्तारोमुनिसत्तमाः ॥८२॥

અર્થ—જે માણસ ગુરૂની આજ્ઞા પ્રમાણે ન વર્ત્તે તે પાપી અધમ કહેવાય. તેને કોઇ દીવસ નર્કનાં દુઃખથાં છૂટકો થતો નથા.

येगुरुद्रोहिणोमूढाः,
सततंपापकारिणः ॥
तेषांचयावत्सुकृतं,
दुष्कृतंस्यान्नशंसयः ॥८३॥

અર્થ—જે મૂઢમતી ગુરૂથી દ્રોહ કરે તે નિરંતર પાપી છે. તેનાં સઘળાં પુણ્ય નષ્ટ થઇ જાયછે. તેથી ગુરૂ કુળસાથે દ્રોહ ન કરે અને તેમની આજ્ઞા પ્રમાણે વર્ત્તે. આ બને અગસ્ત સંહિતાનાં વાક્ય છે.

अथ नित्यक्रियाविधि.

उत्थायपश्चिमेयामे,
रात्रिवासःपरित्यजेत् ॥
प्रक्षाल्यहस्तपादास्य,
मुपविश्यहरिंस्मरेत् ॥८४॥

અર્થ—સવારમાં વેહેલા ઉઠીને રાત્રીનાં પેહેરેલાં વસ્ત્ર કાઢી નાંખવાં. અને હાથ પગ ધોઇ કોગળા કરીને ભગવાનનું ધ્યાન કરવું. એ અંગીરા રૂષિયે કહેલુ છે.

सहस्त्रदलपंकजे,
सकलशीतरास्मिभं ॥
वराभयकरांवुजं,
विमलगंधपुष्पांबरं ॥
प्रसनवदनेक्षणं,
सकलदेवतारूपिणं ॥
स्मरेशिरासिसंततं,
तदभिध्यानपुर्वगरुम् ॥८५॥

પ્રથમ ગુરુનું ધ્યાન કરે તે ગુરુ કેવા છે કે હજાર પાંખડાનું કમળ તેના વચ્ચે ચંદ્રમા જેવી કાંન્તીવાળા અને ભય દુર કરનાર એવા જેના

સુંદર હાથ છે, પીળાં પીતાંમ્બર ધારણ કર્યાંછે. ચંદન, પુષ્પમાલા, કર્ણને વીષે કુંડળ અને જેમનુ હસ્તુ વદન છે, સદા પ્રસન્ન છે જેનાં વળી સર્વ દેવતારુપ એવા જે ગુરુ છે તેમનુ સર્વ દેવતા પેહેલું ધ્યાન કરવું.

तदेवंश्रीगुरुध्यात्वा,
पुजयित्वाचमानसैः ॥
तस्यैवानुज्ञयादेवं,
तद्भेदेनसंस्मरेत् ॥८६॥

અર્થ—આ પ્રકારથી ગુરુ દેવનુ ધ્યાન કરીને મનવડે માનુષી પુજા કરે ને તેમની આજ્ઞા લઇને પોતાના ઇષ્ટદેવનુ ધ્યાન કરે, ગુરૂ હરીમાં ભેદ ન રાખે, ભકતી હંસમાં લખ્યુંછે.

वर्हापीडाभिराममृगमद,
तिलकंकुंडलाक्रांतगंडं ॥
कंजाक्षंकंवुकठांस्मितमदन,

मुखंस्वाधरेन्यस्तवेणुं ॥
स्यामंसौम्यंत्रिभंगरविकरवसन
भूषितंवैजयंत्या ॥
वंदेवृंदावनस्थंवृजयुवतिवृतं,
ब्रह्मगोपालवेशम्   ॥८७॥

શ્રીકૃષ્ણ ભગવાન કેવા છે કે જેણે મોર મુગટ ધારણ કર્યો છે કસ્તૂરીનું તીલક કર્યુંછે કાંનને વીષે મચકરાકૃત કુંડળ ધારણ કર્યાંછે. કમળસરખાં નેત્ર છે જેનાં, શંખ સરખો કંઠ છે જેનો મંદ મંદ હસતું મુખ છે, જેનું મદન મોહનછે, બંસી બજાવેછે, શ્યામ સુંદરછે, સીલ ગુણવાળા છે, ત્રીભંગ લલીતછે, પીતાંબર ધારણ કર્યાંછે, વૈજયંતી માળાને ધારણ કરીછે, વૃંદાવનને વીષે બ્રહ્મરુપ જે ગોપાળ તેમને વારંવાર શ્રી રાધિકાજી સહીતને હું દંડવત કરુછું આ ગૌતમીતંત્રનું વાક્યછે.

नमोब्रह्मण्यदेवाय,

गोब्राह्मणहितायच ॥
जगद्हितायकृष्माय,
गोविंदायनमोनमः ॥८८॥

અર્થ—બ્રાહ્મણના દેવ એવા ગૌ બ્રાહ્મણને વીષે હીત કરવાવાળા, જગતના હીત ઇચ્છા કરવાવાળા એવા જે શ્રી કૃષ્ણ ભગવાંન તેમને હું વારમવાર ડંડવૃત કરૂછું. એ ભારતનું વાક્ય છે. આ પ્રકારે સવારે ઉઠી સ્મરે.

अथ देहक्रिया.

करस्थोदकपात्रस्तु,
कुर्वन्मूत्रपुरिषके ॥
तज्जलंमूत्रसद्रशं,
सुरापानेनतत्समम् ॥८९॥

અર્થ—જે વખતે પેસાબ તથા ઝાડે જાય તે વખતે પાણીના લોટો હાથમાં રાખીને ન બેસે,

સોંય ઊપર મુકી બેસે, નાંકર હાથમાં રાખી દીશા પાંણી કરે તો તે સુરાપાન જેવું જાણવું. આ વાકય પ્રજાપતીનુ કહેલુ છે.

अंतर्धायतृणैर्भूमि,
शिरःप्रावृत्यवाससा ॥
वाचानियम्ययत्नेन,
निष्ठीवेत्स्वासवर्जितः॥१०॥

અર્થ—જમીન ઉપર ઘાસનાં ત્રણ નાંખીને તથા ધુળ નાંખીને ઝાડા પેસાબ કરે બ્રાહ્મણને પોતાની જનોઇ કાંન ઉપર વેંટી માંથે લુગડુ નાંખીને ઝાડે તથા પેસાબ કરતાં બોલે નહીં. ઉચ્ચાર કર્યાવીના થુંકવું.

बद्धकच्छस्तुयोविप्रोमेहनं,
कुरुतेयदि ॥
वामजागौपित्रीणांच,

दक्षिणेदेवतामुखे ॥९१॥

અર્થ—જે બ્રાહ્મણનો બાળક કાછડી કાઢયા શિવાય પેશાબ કરે, તેઓ ડાબી તરફ ધાર કરે તો પીત્રીના મોંઢામાં જાય ને જો જમણી તરફ કરે તો દેવતાના મોઢામાં જાય તે માટે કાછડી કાઢીને પેસાબ કરવો.

उभेमत्रपुरीषेतु,

दिवाकुर्यादुदंमुख ॥

दक्षिणाभिमुखोरात्रौ,

संध्ययोश्चयथादिवा ॥९२॥

પ્રાત કાળે ઉઠીને નૈરૂત્ય દિશાયે ઝાડે જવું મતલબ કે ગાંડ નૈરૂત્ય દિશામાં કરવી ને ઉંચુ મોંઢું કરીને ઝાડે ફરવા બેસવું નહિ. જમીન તરફ સંભાળી જોઈ બેસવું અને રાત્રીને વિશે દક્ષિણ ભણી મોં કરીને બેસે. સંધ્યાકાળે દિવસની રીત પ્રમાંણે બેસવું.

छायायामंधकारेच,

रात्रावहनिवाद्विज ॥
यथासुखमुखकुर्यात्,
प्राणबाधभयेशुच ॥९३॥

અર્થ—ફળ વાળુ વૃક્ષ તેની છાયામાં ઝાડે ફરવા બેસવું નહીં અંધારામાં ઝાડે ફરવા દીવો લઈને જવું કેમકે જીવ જંતુના ભયથી પ્રાણ રક્ષાર્થે છાયા હોય તથા અંધકાર હોય તે વીષે રાત્રિ દિવસનો વાચાર નથી જેથી પોતાને સુગમ પડે તેમ બેસે.

उपरुद्वोनमेहेत,
छायादस्यंचतुःपंथ ॥
उदकंचोदकांतंच,
राजमार्गंचवर्ज्जयेत् ॥९४॥

અર્થ—ઉભે ઉભે મુતરવું નહિ છાયા વૃક્ષની હેઠે મુતરે જે જગ્યાએ માણસ બેસે નહી ત-

લાવ કુવા ઇત્યાદિક પાસે ઝાડે ન જાય નદીના બેટમાં ના બેસે રાજ માર્ગમાં ન બેસે કંઈ પણ ઓઠે બેસવું ખુલ્લા બેસવું નહિ.

नमृत्रंयथिकुर्वीत,
नस्मशानेनपर्वते ॥
नफाकृष्टेनजले,
नचित्यांनाद्रिमस्तके ॥९४॥

અર્થ—ચાલતા રસ્તા ઉપર ઝાડે ન જાય મુતરે નહીં તથા સ્મશાનમાં અંનના ઢગલા ઉપર જળ કીનારે ચિતામાં તથા પર્વતના શિખર ઉપર ન મુતરે.

नाजीर्णदेवालयतनेन,
वल्मीकेनगोव्रजे ॥
नससत्पेषुगर्त्तेषु,
नगछन्नापिचोत्थित ॥९५॥

અર્થ—તુટેલા દેવસ્થાનમાં કોઇના તુટેલા ઘરમાં રાફડાની જગ્યામાં ગાયોને ચરવાને ઠેકાણે તથા કોઈ જનાવરના ખોદેલા ખાડામાં ન બેસે ચાલતાં ચાલતાં ઝાડો તથા પેશાબ ન કરે એક ઠેકાણેથી ઝાડે ફરતાં લાંબો ખસતો ન જાય.

नन्दीतीरमासाधशाद्व,
लेनचगोमये ॥
वाय्वग्निचंद्रमादित्यं,
विप्रमृक्षाण्ययस्तथा ॥९६॥

અર્થ—નદીના બાંધેલા આરા ઉપર પાકેલા ખેતરમાં છાંણાના ઢગલામાં જે તરફથી પવન આવતો હોય તે જગ્યામાં અગ્નિ બળતો હોય તે જગ્યાએ ચંદ્રમા તથા સૂર્ય સામું બ્રાહ્મણ સામું, પાણી સામું, તથા જયાં બહુ ઝાડો પેશાબ પડેલો હોય ત્યાં ખરાબ જગ્યાએ બેસવું નહીં એ વાકય મનુસ્મૃતિમાં લખ્યાંછે.

दशहस्तंपरिताज्य,

मूत्रंकुर्यात्जलाशयात् ॥
शतहस्तंपुरीषंच,
तीर्थेनद्याश्चतुर्गुणम् ॥१७॥

અર્થ—જળાશયથી દશ હાથ વેગળે પેશાબ કરવાને તથા ઝાડે ફરવાને સો હાથ વેગળે જાય નદીનો કાંઠો તથા તીર્થને છેડેથી ચારસેં હાથ વેગળે જઇને ઝાડો પેશાબ કરે આ દેવલરૂપીનું વાક્યછે.

धर्मवित्दक्षिणं,
हस्तमधशौचेनयोजयेत् ॥
वामेनपाणीनात,
ह्ननाभेरूध्वनशोधयेत् ॥१८॥

અર્થ—જેને ધર્મજ જાણવાની જરૂર છે તે માણસને તથા ધર્મ જાણતો હોય તેણે જમણા હાથથી ગાંડ તથા પગને ડાબા હાથથી મોંડું ન ધુવે તથા ભોજન ન કરે.

एकालिंगेगुदे,

तिश्रस्तथावामकरे ॥

दशाउन्नयोसप्तदातव्या,

मृदश्रुद्धिमभीपशता ॥९९॥

અર્થ — એકવાર માટીથી લીંગ ઇંદ્રી ધુવે, પછી ત્રણવાર ગુદા માટીથી ધુવે પેહેલાં ગુદા પાણીથી ધોઇને લગાવે દશવાર માટીથી ડાબો હાથ ધુવે ત્યાર પછી બે હાથ ભેગા કરીને સાત વાર ધુવે આ મનુસ્મૃતિમાં લખ્યાંછે.

तिस्त्रस्तुपादयोर्देया:शुद्धि,

कामेनानित्यसानिस्त्रस्तु ॥

मृतिकादेयाकृत्वा,

तुनखसोधनम् ॥१००॥

અર્થ — દરેક પગમાં ત્રણ ત્રણવાર માટી લઇ ધુવે વિશેશ શુદ્ધી કરવા ચાહેતો ત્રણવાર નખ

ઉપર માટી લગાવીને ધુવે ત્યાર પછી સ્નાન કરે આ યમ સમૃતીમાં લખ્યાં છે આ ઉપર લખેલી ક્રીયા ગૃહસ્થને કરવાનીછે.

क्रमात्द्विगुणमेतत्तु,
ब्रचर्यादिपुत्रिपु ॥
दिवाविहितशौचाच्च,
रात्रावर्द्धसमाचरेत् ॥१०१॥

અર્થ—ક્રમથી બ્રહ્મચર્યવાલાને ગ્રહસ્થથી બમણી ક્રીયા કરવી તે કરતાં વાનપ્રસ્થને બ્રહ્મચારી કરતાં ત્રણ ગણી કરવી સન્યાસીને વાનપ્રસ્થ કરતાં ત્રણગણી કરવી દીવસની ક્રીયા કરતાં રાત્રીની અર્ધ ક્રીયા કરે તો ચાલે.

रुजार्धंचतदर्धंच,
पथिचौरादिपीडिते ॥
तदर्धंयोशितांचापि,

स्वाष्ट्रेन्यूनंनकारयेत् ॥१०२॥

અર્થ—રોગી અડધી ક્રીયા કરે જે રાસ્તામાં ચોરાને ભય હોય તો તે ઠેકાંણે રોગી કરતાં અડધી ક્રીયા કરે અને સ્ત્રી જનને તે કરતાં અડધી ક્રીયા કરવી પોતાના ઘરને વીશે રેહે તેને આખીક્રીયા કરવી.

आर्द्रधात्रीफलोनूमाना,
मद:शौचेप्रकीर्तिता: ॥
इत्थंसौचंग्रिहीकुर्यात्,
गंधलेपक्षयावाधि ॥१०३॥

અર્થ—હાથ પગ ધોવા સારુ એક એક વાર આંબલાના ફલ જેટલી માટી લેવી. માટી હાથ પગને ન દેખાય તે પરમાણે ધોવી જે કોઇ રોગીને લેપ તથા તેલ લગાવેલો હોય તો જયાં સુધી સુધ શરીર થાય તાં સુધી ધોવાં આ વાકય બધાં કાસીખંડનાં છે.

एकालिंगेतुसव्येत्रि,
रुभयोमृद्वयंस्मृतं ॥
मत्रसौचंसमाख्यातं,
मैथुनेद्विगुणंस्मृतं ॥१०४॥

અર્થ—પેસાબ કરે તારે એકવાર માટીથી ધુવે ડાબા હાથને ત્રણ વખત માટીથી ધુવે બે-વાર બંને હાથને ધુવે અને મૈથુન કરી રહ્યા પછી બમણી ક્રીયા કરે આ દક્ષપ્રજાપતીનુ વાક્ય છે.

अथपात्रसोधनं.

भस्मनाशुध्यतेकांस्यं,
तांम्रमम्लेनशुध्यति ॥
रजसाशुध्यतेनारी,
गोमयेनायसंतथा ॥१०५॥

અર્થ—કાંસાનુ પાત્ર રાખથી શુદ્ધ, તાંબાનુ પાત્ર ખટાઇથી શુદ્ધ, પીતલ છે તે માટીથી સુદ્ધ, લોઢાનુ પાત્ર છાંણથી શુદ્ધ થાય. ઝાડે ફરવાના લોટાને ત્રણ વખત માટીથી માંજવો.

अथदातणविधि.

दंतकाष्टंप्रवक्ष्यामि,
समासेनप्रसस्ततां ॥
सर्वेकंटाकिनःपुण्याः
क्षीरिणश्चयशाश्विनां ॥१०६॥

અર્થ—સૌચ ગયા પછે શુદ્ધ થઇને અઉિસ્વીની પ્રાર્થના કરીને દાતણ તોડી લાવે તેમાં જે કાંટાવાલાં ઝાડ છે તે પવીત્ર છે યસસ્વીને દુધવાલાં ઝાડનું દાતણ પવીત્ર છે આ નૃસિંહ પુરાંણમાં લખ્યું છે.

दशांगुलेतुविप्राणां,
क्षात्रियाणांनवांगुलं ॥

सप्तांगुलंतुवैश्याणां,

स्त्रिणांचचतुरांगुलं ॥१०७॥

અર્થ—બ્રાંહ્મણને દશ આંગલનુ દાતણ લેવુ, ક્ષત્રીને નવ આંગલનુ, વૈષ્ણવને સાત આંગલનુ, તથા સ્ત્રી તથા શુદ્રને ચાર આંગલનુ દાતણ કરવું. આ વાકય ગર્ગાચારજનું છે.

आटलांदातणनकरवां.

गुडाकतालहिंताल,

केतकंचवृहद्वटः ॥

खर्जूरंनालिकेरंच,

सप्तैतत्रणराजकाः ॥१०८॥

અર્થ—જાસુસ, ત ડ, હિ ગોટા, કેતકી, વડનુ, ખજુરી, નાલીયેર, આ સાત ઝાડના રાજા છે તેથી તેનું દાતણ કરવું નહી તેનો દોશ છે.

त्रणराजसमोपेतं,

यःकुर्यात्दंतधावनं ॥

नरश्चांडालयोनिस्यात्,

यावत्गंगानपश्यति ॥१०९॥

અર્થ—ઊપર કહેલાં જે સાત ઝાડના રાજા તેમનું જે દાતણ કરે તેમનુ સ્યચંડાલયોનીને પાંમે. તે ગંગાનુ સ્નાંન કરે તો પવીત્ર થાય.

प्रतिपद्दर्शषष्टीषु,

नवम्येकादशीरवौ ॥

दंतानांकाष्टसंयोगो,

हंतिपुण्यंपुराकृतं ॥११०॥

અર્થ—પડવે, પુનમ, છઠ, નવમી, એકાદસી, રવીવાર, એટલા દાડા દાતણ કરે તો પૂર્વ પુન્ય ને નાસ કરે છે સનીવાર સંક્રાતી ગ્રહુણ આટલા દાડા દાતણ કરવાં નહી. પાંદડાથી જીભનો મેલ ઊતારી નાંખે. આટલા દીવસ સ્ત્રી સંગપણ

ન કરવો, આ મનુસ્મૃતીનો મત છે તથા કાત્યાયનરૂષી તથા પૈઠન્યરૂષીનું વાકય છે કે કોઇ ઠેકાંણે દાતણ ન મલે તથા ઊપર કહેલી વારતીથી હોય તારે માટીથી દંતધાવન કરી બાર વખત કોગલા કરીએ તો શુદ્ધ થાય.

अथस्नानविधि.

सक्तएवंविधंस्नानं,
वेदतंत्रोक्तमार्गत ॥
शीतोदकेनकुर्वीता,
सक्तउष्णेनवारिणां ॥१११॥

અર્થ—જે ગાંમની પાસે નદી હોય તો નદીમાં સ્નાન કરે અથવા તલાવ હોય તો તલાવમાં કરે તે ન હોય તો વાવમાં તે ન હોય તો કુવા ઊપર જઇને નાહવુ કુવા ઊપર જવાની સત્તા ન હોય તો ઘેર તાડે પાંણીથી નાવુ તાડુ પાણી ન સદે તો ઊના પાંણીથી નાહ્ય આ ભક્તીહંસમાં લખ્યું છે.

विप्रपादात्विष्णुपादात्,
तुलस्यासंभतंजलं ॥
संप्रोक्ष्यस्नानमाप्नोति,
ध्यानंस्नानात्विशिष्यते११२

અર્થ—જે માણસ રોગીછે સ્નાન કરવાની સત્તા નથી તેને બ્રાહ્મણ તથા વીષ્નુભગવાન તથા તુલસીનુ ચરણામૃત લઈને પોતાની દેહી ઉપર છાંટે તથા ગુરુનુ ધ્યાન કરે તો એને સ્નાન કરતાં વધારેછે અથવા કપડાંને ભીજવી શરીરને લોહી નાંખે તો પણ શુદ્ધી થાય અ-થવા કટીસ્નાન કરે અથવા મંત્રસ્નાન કરે આ વાક્ય સ્મૃતિ સંગ્રહમાં લખ્યુંછે.

विसुद्धाहतयुग्वस्त्रधारणं,
देवतार्चनंगोपीचंदनमृत् ॥
स्नायाज्सर्वदाचोर्ध्वपुंड्रकं११३

અર્થ—અસ્નાન કર્યા પછી બે વસ્ત્ર ધારણ કરે, નવીન વસ્ત્ર અથવા સણીયું અથવા રેશમી ધારણ કરે, તથા હાથ પગ ધોઈ કોગળા કરીને સેવામાં જાય દેહમાં ગોપીચંદન તથા વૃંદાવ દનની રજ લગાવે પછી તીલક કરે એ અગસ્તસંહીતાનું વાક્ય છે.

आपतकालेतुविप्राणां,
सौचासौचंनचिन्तयेत्।११४।

અર્થ—જ્યારે આપત્કાળ હોય ત્યારે શુદ્ધી અશુદ્ધીનો વીચાર નથી આ પારાસરસ્મૃતીનું વાક્ય છે.

उर्द्धपुंड्रंमृदाकुर्यात्,
त्रिपुंड्रंभस्मनासदा॥
तिलकंतुद्विजःकुर्यात्,
चंदनेनयद्रिच्छया ॥११५॥

અર્થ—ઊર્દ્ધ પુંડ્ર શ્રી વૃંદાવનની રજનું કરે

અને ત્રીપુંડ ભસ્મ વડે કરીને કરે અને જો બ્રાહ્મણની ઇછા હોય તો ચંદન વડે કરીને કરે આ પદ્મપુરાણનું વાકય છે.

वेळुपत्रदलाकारं,
वैश्नवंतिलकंस्मृतं ॥
अर्द्धचंद्रंतथासैवं,
साक्तिकंतीर्यगुच्यते ॥११६॥

અર્થ—વૈષ્ણવને ઊર્દ્ધપુંડ્ર વાંસના પત્ર જેવું કરવું. અને શીવ ભક્તને અર્ધચંદ્રાકાર જેવું ત્રીપુંડ કરવું. અને શક્તીના ભક્તને બે કાન સુધી લાંબી અરચા કરવી. આ વાકય યાજ્ઞવલકયનું છે.

अंगुष्टपुष्टिदःप्रोक्तो,
यशस्यानूमध्यमाभवेत् ॥
अनामिकाश्रियंद्यात्,

मुक्तिद्यात्प्रदेसिनी ॥११७॥
कनिष्टिकाप्रियंद्यात्,
तिलकस्यविधिःस्मृतः ॥
एतैरंगुलिभेदैस्तु,
नखैःक्वापिनकारयेत्॥११८॥

અર્થ—અંગુઠાવડેથી જે તીલક કરે તો તે પુષ્ટી આપે, અને જો વચલી આંગળીથી કરે તો યશવાન થાય; અને અનામીકાથી કરે તો લક્ષ્મીવાન થાય, તર્જની આંગળીથી કરે તો મુકિતને આપે, ટચલી આંગળીથી કરે તો પ્રીય વસ્તુ મળે નખથી કોઇ દહાડો ટીલુ કરવું નહીં. આ પ્રમાણે તીલકની વીધી કહી છે.

मंत्रमुच्चार्यविधिना,
कारयेदुर्ध्वपुंड्रकं ॥
लालटेकेसर्वेईत्यादी,॥११९॥

અર્થ—જે પોતાના ગુરૂનો બતાવેલો મંત્ર હોય તે બોલીને ટીલુ કરવું. અથવા લલાટને વીષે કેશવાય નમઃ એવું બોલો કુંટી ઉપર નારાયણાયનમઃ હૃદયને વીશે માધવાયનમઃ કંઠને વીશે ગોવીંદાયનમઃ જમણી કુખમાં વૈષ્ણવે નમઃ જમણે હાથે મધુસુદનાયનમઃ કાને ત્રીવીક્રમાયનમઃ બીજી કુંખમાં વામનાય નમઃ બાંયે હાથે શ્રી ધરાયનમઃ કાંધ ઉપર રૂષીકેસાયનમઃ બોચીમાં પદ્મનાભાયનમઃ કેડ ઉપર દામોદરાયનમઃ આ પ્રકારથી ટીલુ કરતી વખતે મંત્ર બોલવો. આ આચારચીંતામણીમાં લખ્યુ છે.

स्यामंशांतिकरं,
प्रोक्तंरक्तंवश्यकरंतथा ॥
श्रीकरंपीतमित्याहु,
श्वेतंमोक्षप्रदायकम् ॥
कुंकुमंकामनापूरं॥इत्यादि१२०

અર્થ—કાળુ તીલક શાંન્તિને આપે, રાતુ તી-

લક વશીકરણ કરે, પીળા તીલકથી લક્ષ્મી પ્રાપ્ત થાય, ધોળા તીલકથી મોક્ષ થાય, કેસરથી મનના મનોરથ પુરણ થાય આ મદન પારીજાતકમાં લખ્યું છે.

नासामूलंसमारभ्य,
वंशपत्राकृतिंतथा ॥
विंदुभिःसहितंकुर्या,
उर्ध्वपुंड्रंदशांगुलम ॥१२१॥

અર્થ—નાસીકાના મુળ ભાગથી શીખા પર્યંત દશ આંગળનું વાંસના પાંદડા જેવી આકૃતી વચમાં કાળી બીંદી કરે આ પ્રમાણે તીલક કરવું જોઇએ આ પદ્મપુરાણમાં લખેલું છે.

यस्योर्ध्वपुंड्रंदृश्येत,
ललाटेनोनरस्यहि ॥
तद्दर्शनंनकर्तव्यं,

दृष्ट्वासूर्यंनिरीक्षयेत् ॥१२२॥

અર્થ—જેણે ટીલુ ના કર્યું હોય તેનું મોંહો જોવુ નહીં. જો કદી દેખે તો સુર્યનારાયણના દર્શન કરે ત્યારે શુદ્ધ થાય આ પદ્મપુરાણમાં લખ્યું છે.

द्विकच्छंकच्छहीनंच,
द्विशिखाशिखवर्जितं ॥
द्विरेखातिलकंकुर्यात्,
सोपिचांडालरुच्यते ॥१२३॥

અર્થ—જે માણસ બે કાછડી બાંધે, તથા ખુલી કાછડી રાખે, બે ચોટલીઓ રાખે, અથવા સમુળગી ચોટલી ના રાખે તથા તીલકની વચમાં બંગી ના કરે તો તે પણ ચંડાળ કહેવાય છે બ્રહ્માંડપુરાણમાં લખ્યું છે.

तउर्ध्वपुंड्रंसंखाधेयुक्तइति१२४॥

અર્થ—ઉર્દ્ધ તીલક કરીને વચમાં બંગી ક-

રવી છાપા લગાવવા આ પ્રમાણે તીલક કરવું. આ વિશ્નુરહુસ્યમાં લખેલું છે.

अथमाला.

माहापातकसंहर्त्री,
धर्मकामार्थदायिर्नी ॥
मालाकंठेसदाधार्या,
तुलशीकाष्टसंभवा ॥१२५॥

અર્થ—માહા પાપને દુર કરવા વાળી તથા ધર્મ કામ, અર્થને આપવા વાળી એવી જે માળા તેને કંઠમાં સદાધારણ કરવી તે તુલસીની હોવી જોઈએ આ સ્કંધપુરાણમાં લખેલું છે.

पद्माक्षैस्तुलशीकाष्टै,
फलैर्धात्र्याश्चनिर्मितां ॥
धार्यतुलशीकाष्ट,
भूषणानिचवैश्नवाः ॥१२६॥

અર્થ-કમળ કાકડીની માળા, સ્ફટીક કમણીની માળા તુલસીની માળા, વૃદાવનના ઝાડની માળા, આંમળાની માળા, તથા પરવાળાં ઇત્યાદીકની માળા ગળામાં ધારણ કરવી. તુળશી માળાનાં ભુષણ વૈશ્નવને ધારણ કરવાં જોઇએ. શીવધર્મીને રૂદ્રાક્ષની માળા તથા વૈશ્નવને તુલસીની માળા શ્રેષ્ટ છે. આ સ્કંધપુરાણમાં લખેલું છે.

यज्ञोपवीतवत्धार्या,
तुलशीकाष्टमालिका ॥
श्रीव्रंदावनजातानांतरुणां,
दारुसंभवांधारयन्तीहये ॥
मालांतेकृतार्थानशंशयः॥१२७

અર્થ—જેવી રીતે બ્રાહ્મણની જનોઇ તુટી જાય છે અને બોલતાં નથ તેવી રીતે વૈશ્નવને ગળેથી માળા તુટી જાય અને જ્યાં સુધી બીજી ધારણ ના કરે ત્યાં સુધી બોલવું નહીં. આ

સ્કંધપુરાણમાં લખેલું છે.

અર્થ—શ્રી વૃંદાવનના ઝાડથી થયેલી જે માળા છે એને જે ધારણ કરેતો તે જીવ કૃતાર્થ થાય. આ બ્રહ્માન્ડપુરાણમાં લખ્યું છે.

त्रंदावनकाष्टजाम् ,
मालांयोभुंकतेगिरनन्दानि ॥
शिकृथेशिकृथेचलभते,
वाजिपेयफलंशतं ॥१२८॥

અર્થ—જે માણસ વૃંદાવનના ઝાડથી થયેલી જે માળા તથા કંઠી તેના કંઠમાં ધારણ કરે તો સો અશ્વમેધ યજ્ઞનું ફળ થાય આ પદ્મ પુરાણમાં લખેલું છે.

अथपूजाविधि.

ब्राह्मेमुहुर्तेउत्थानं,
महाविश्नोःप्रबोधनं ॥
नीराजनंचवाध्येनप्रातः

स्नानंविधानतः ॥१२९॥

અર્થ—પોતાનુ દેહકૃત્ય કરીને અને ગુરૂ મંત્ર જપ્યા પછી પ્રાતઃકાલે ઉઠીને વીશ્નુ ભગવાનને ઉઠાડીને મંગળાઆરતીવાજુ વગાડીને કરવી. પછી તેમને સ્નાન કરાવવું આ પ્રકારે અષ્ટ પોહોરની શેવા કરે આ અગસ્તસંહીતામાં લખેલુ છે.

अथगुरुप्रार्थना.

त्रायस्वभोजगंनाथगुरोसंसार वन्हिना॥ दग्धमांकालदपं चत्वामहंशरणंगत ॥

અર્થ—હે જગંનાથ મને સંસાર રૂપી જે અગ્ની છે તેમાં દાઝેલો તથા કામ રૂપી સર્પનો ડસેલો એવો જે હું છું તેને તની રક્ષા કરો આ પ્રકારે ગુરૂની પ્રાર્થના કરે વીશ્વા સેવા કર્યા પછી આ વૈશ્નવ તંત્રમાં લખ્યું છે.

विधृतिःपंचमुद्राणां

चरणामृतसेवनं ॥
तुलसीमणिमालादि ॥
भूषाधारणमन्वहं ॥१३०॥

અર્થ—પંચ મુદ્રાને ધારણ કરે શંખ ચક્ર ઈત્યાદીક છાપાં ચરણામૃત લે, કોટમાં નીત્ય જપવાની તુળસીની માળા ધારણ કરે.

निर्माल्योद्वासनं,
विश्वोस्तच्चंदनविलेपनं ॥
शालिग्रामशिलापूजा
प्रतिमासुचभक्तितः ॥१३१॥

અર્થ—વિષ્ણુ ભગવાનનું જે ચંદન પુષ્પ વીગેરેની રમાલ્ય તેને ઉતારીને પોતે પ્રસાદી ચદન લગાવે. શાળીગ્રામની સેવા પૂજા કરે. અથવા પોતાની જુગલ સેવા તથા ચીત્ર સેવા પોતાના ગુરૂનાં આપેલી તેનો દરરોજ ભક્તિ પૂર્વક સેવા પુજા કરે.

निर्माल्यतुलशीभक्ष,
तुलश्यवचयेविधि ॥
विधिनातांत्रिकीसंध्या,
शिखाबंधोह्निकर्मणि॥१३२॥

અર્થ—ભગવાનને ચઢાવેલી તુળસી પ્રસાદી ખાય. તુળસીને મંત્રવડે ઠાકોરને ચડાવવા લેવી. જે બ્રાહ્મણ હોય તે વિધિ પૂર્વક પોતાની તાંત્રીક સંધ્યા કરે વૈશ્ય હોય તે ગુરૂનો મંત્ર આપેલો હોય તેની માળા કરે. શીખા બંધન કરીને બીજી જ્ઞાતીએ ફકત શીખા બંધન કરવી પોતાના પીત્રાદીનું બ્રાહ્મણ દરરોજ નીત્ય તરપણ કરેતો વિષ્ણુ ચરણામૃત જળમાં નાંખીને કરે. જે શક્તિવાન છે તેણે દ્રવ્યવડે કરીને રાજ સેવા કરવી અને ગરીબે જળ ચંદન તુળસી પુષ્પ ધુપ દીપ ફળ અને સાકરની કાંકરી વીગેરે યથાશક્તિ વડે સેવા કરે.

विश्नुपादोदकेनैव,

पित्रीणांतर्पणक्रिया ॥
महाराजोपचारेश्व ॥
शक्त्यासंपूजनंहरे ॥१३३॥
विश्नुभक्तवरोधेन,
तित्यनैमित्तिकीक्रिया ॥
भूतशुद्धादिकरणं,
न्यासासर्वेयथाविधि ॥१३४॥

અર્થ—જો આપણી ભગવત સેવામાં કંઇ અડચણ આવે એવું હોય તો તેમાં જે નીત્ય કર્મ ભૂત શુદ્ધી પ્રાણ પ્રતિષ્ઠા ઈત્યાદિક કર્મ છે તેને ઠેકાણે ન્યાસ માત્ર વિધિ કરીને નિર્વાહ કરે.

नवीनफलपुष्पा,
दिभाक्तितःसंनिवेदनं ॥

तुलशीपूजनंनित्यं,
श्रीभागवतपूजनं ॥१३५॥

અર્થ—જે નવીન ફળ તથા પુષ્પ તે ભક્તિ પૂર્વક ભગવાનને ચઢાવે. તુળશીનું નીત્ય પુ· જન કરે તથા જળ રેડે શ્રીમંતભાગવતના પુસ્તકની પુજા કરે અથવા ચોરાશીજીની પુજા કરે એ કાંઇ ન હોયતો જે કાંઇ પોતાનું ધર્મ પુસ્તક હોય તેની પુજા કરે.

त्रिकालंविश्नुपुजाच,
पुराणश्रुतिरन्वहं ॥
विश्नोर्निवेदितानां,
वैवस्त्रादीनांप्रधारणं॥१३६॥

અર્થ—ત્રણ વખત જે ઘરમાં સેવા હોયતે કરવી. જો બની શકે તો પ્રાતઃ કાળમાં એક વખત ત્રણ વખતની સેવા કરવી નીત્યપુરાણ. વેદશાસ્ત્ર તથા ધરની વાણી સાંભળવી પોતે

ભગવાનને નવીન વસ્ત્ર ધારણ કરીને પછી પોતે પહેરે.

सर्वेषांपुन्यकार्य्याणां,

स्वामिद्रिष्ट्वाप्रवर्त्तनम् ॥

गुर्वाज्ञाग्रहणंतत्र

विश्वासोगुरुणोदिते ॥१३७॥

અર્થ—જેટલા ઉત્તમ કર્મ છે. તે પોતાના ગુરૂની દ્રષ્ટીએ દેખાડી જ્ઞાન લઇને તે વસ્તુ કરવી. ગુરૂની આજ્ઞા પ્રમાણે કરવું. ગુરૂ જે કહે તેમાં વિશ્વાસ રાખવો.

यथार्थमुद्रारचनंगीत,

नृत्यादिभाक्तितः ॥

शंखादिध्वनिमांगल्यं,

लीलाद्यभिनयोहरेः॥१३८॥

અર્થ—બ્રાહ્મણને ચોવીશ મુદ્રાઓ કરવી. જ-

પને અંતે આઠ મુદ્રા કરવી. અને જે વૈશ્નવ છે તેને સંધ્યા નથી આવડતી તો તે ગીત નૃત્ય વીગેરે ભક્તિ પૂર્વ ભગવાન અગાડી કરે.

મગળાઆરતી પહેલાં શંખની ધુન કરે પછી મંગળા આરતી કરે પછી ભગવાનની લીલાના પદોનું ગાન કરે.

नित्यहोमाविधानंच,
बलिदानंयथाविधिः ॥
साधूनांस्वागतंपूजा,
शेषनैवेद्यभोजनं ॥१३९॥

અર્થ—બ્રાહ્મણે નિત્ય હોમ કરવો, તથા નાળિએર વીગેરેનો હોમ કરવો. ભગવતનો દાસ આવે તેનું સનમાન કરવું, પુજા કરવી, ને ભગવત પ્રસાદી ભોજન કરાવવું.

तांबूलशेषग्रहणं,
वैश्नवैःसहसंगम ॥

विषेपधर्मजिज्ञाषा,

दशम्यादिदिनत्रये ॥१४०॥

અર્થ—પછી ભગવત પ્રસાદી પાન આપવું. પછી વૈશ્નવની સાથે ધર્મ વાર્તા કરવી દશમ અગીઆરશ બારસ એ ત્રણ દીવસ વીશેષે કરી ને ભગવત વાર્ત્તા કરવી.

व्रतेनियमतःस्वास्थ्यं,

संतोषोयेनकेनचित् ॥

पर्वयात्रादिकरणं,

वासराष्टकसाद्विधि. ॥१४१॥

અર્થ—જે દીવસે એકાદશી તથા વસ્તુ વ્રત કરે તે દીવસે મન પવીત્ર રાખીને થોડો ફરાળ મળે તે ખાઇને સંતોષ રાખવો ભગવત સંબંધી ગ્રહણ ઇત્યાદીક જે પર્વ આવે તે વિધિ પ્રમાણે પાળવું ને શ્રી વૃંદાવનની યાત્રા કરવી તથા ભગવાનના જે ઓછવ આવે તે

કરવા. સાત વારની જે વિધી પૂર્વક સેવા છે તે કરવી.

यथायिमधाहळं.

विश्नोःसर्व्रतुचर्याच,
महाराजोपचारतः ॥
सर्वैषांवैश्नवानांच
व्रतानांपरिपालनं ॥१४२॥

અર્થ—ગુરૂએ વૈશ્નવને પ્રથમ આટલી વાતો શીશને સમજાવવી જોઇએ. જે વીશ્નું ભગવાની બાર માસની રૂતુ પ્રમાણે સેવા કરે, રાજ સેવાની રીતે સર્વ વૈશ્નવ વ્રત કરે

गुरावीश्वरभावश्च,
तुलशीसंग्रहःसदाः ॥
शयनाद्युपचारश्च,
रामस्कंदादीचिंतनं ॥१४३॥

અર્થ—પોતાના ધર્મ ગુરૂને તથા તેમના વંશમાં થએલા તેમને ઇશ્વર જાણે અને પોતાના ઘર આગળ તુળસી રાખે સવારમાં ઉઠીને રામ કૃષ્ણાદીનું સમરણ કરે.

संध्ययोशयनचैव
नशौचमृतिकांविना ॥
तिष्टताचमनंनैव,
तथागुवानासनम् ॥१४४॥

અર્થ—ત્રીકાળ સંધ્યાકાળમાં સુવું નહી મૃતીકા વિના હાથ પગ ધોવા નહીં અથવા આચમન કર્યા સીવાય પુજામાં બેસવું નહી અને ગુરૂની પરસાદી લેવી અને ગુરૂ જે ઠેકાણે બેશીને ભોજન કરતા હોય તે ઠેકાંણે બેસીને ભોજન કરવું નહી ઉભે ઉભે આચમન કરવું નહી.

गुर्वग्रेपादविस्तार,
च्छायायालंघनंगुरो ॥

सक्रौस्नानक्रियाहानि,
देवतार्चनलोपनं ॥१४५॥

અર્થ—ગુરુની આગલ પગ પસારી બેસવું નહી ગુરૂની છાયા ઓલંઘવી નહી પોતાની સતા હોય ત્યાંસુધી નીત્ય સ્નાન કરવુ.દેવ સેવા તથા નીત્ય નીયમ ચાલતા સુધી પાડવો નહી સુતક તથા વધી પડે તો બીજા પાસે કરાવવી.

देवतानांगुरुणांच,
प्रत्युत्थानादयभावनं ॥
गुरोपुरस्तातृपांडित्य,
प्रोढपादक्रियास्तथा॥१४६॥

અર્થ—દેવ તથા ગુરુને ઉઠીને આદરમાન દેવુ તેમાં આલસ ન કરે ને જે આલસ રાખીને ન કરે તો ઇંદ્રરાજાની રીતે દુખ પડે ગુરૂના આગલ પોતાની પંડીતાઇ ન કરે પ્રોઢપાદ ક્રીયા ન કરે.

प्रौढपादक्रीयानांलक्षण.

आसनारुढपादश्च,
जानुनोर्जंघयोस्तथा ॥
कृतावसास्थिकोपश्च,
प्रौढपादसउचाते ॥१४७॥

અર્થ—ગુરુ સામુ પગ ઊપર પગ ચડાવીને બેસવુ નહીં; અથ ગુણ વડે સંપન હોય પણ ગુરુના સાંમુ ક્રોધીત થઈ બોલવુ નહી. સ્મૃતી વાકય છે એને પ્રોઢપાદ કહે છે.

असंत्रातिलकाचामो,
नीलीवस्त्रविधारणं ॥
अभक्तैःसहमैत्र्यादि,
असच्छास्त्रपारिग्रह ॥१४८॥

અર્થ—સેવાદીક ક્રીયા તીલક લગાવ્યા શી-વાય ન કરવી. ગળીનુ સુતરૂ વસ્ત્ર ન પેરવુ. જે

માંણુસે કંઠી ન લીધી હોય, નાસ્તીક હોય તેની મીત્રતા ન કરવી. વિષય વારતા ભણવી તથા સાંભળવી નહી. જો કુષ્ણલીલા હોય તેનો બાધ નથી. એ દશમસ ક્રીડામાં લખ્યું છે આ સ્મૃતી વાક્ય છે.

दुच्छसंगसुखासक्ति,
मद्यमांसानिसेवण ॥
मादकौषधसेवाच,
मसूराद्यंनभोजनं ॥१४९॥

અર્થ—વીષયમાં આસકતી ન રાખવી. મદ્ય તથા માંસ તથા ભાંગ, તમાકુ વીગેરે ઉનમાદ કરવાવાળી ઔષધી ખાવી નહી. મસુરની દાળ આદી નીસેધ અન ખાવુ નહી.

साकंतुंबीकालिंगादि,
तथाभक्तान्नसंग्रहः ॥
अवैष्णवव्रतारंभ,

स्तथाजाप्यमवैष्णवं ॥१५०॥

અર્થ—શાકમાં તુમડાં, કાળંગડાં, કુગલી, લસણ, ગાજર, રાતા મુળા, ધોળાં વંતાક ન ખાવુ તથા અભક્તીવાંનનુ અંન ન ખાવુ. અવૈસ્નવ જે વૃત કરતો હોય તેના ધરમનુ વૃત ન કરવુ, તેનો બતાવેલો મંત્ર પણ જપવો નહી.

अभिचारादिकरणं,
सत्तयागौणोपचारकं ॥
शोकादिपारवस्यंच,
दिग्बिद्धैकादशीव्रतं॥१५१॥

અર્થ—વીભીચાર ન કરે તથા સકતીવાન થઇને ભગવત સેવા ઓછી ન કરે, દુખ શોકમાં શોકાતુર ન રેવુ, વૈભવ પ્રાપ્ત થયાથી મદ ન લાવવો દશમવેધા એકાદશી વૃત ન કરવુ.

शुक्लाकृष्णाविभेदश्चा,
सद्व्यापारोव्रतेतथा ॥

शक्तौफलादिमुक्तिश्च,
श्राद्धंचैकादशीदिने ॥१५२॥

અર્થ—બંને પક્ષનિ એકાદસી કરે એકાદસીને દાડે જુઠનો વેપાર ન કરે, શક્તીવાંન હોય તો નિરાહાર રહે, શક્તીવાન હોય તેણે ફરાલ કરી વ્રત કરવુ. એકાદસીને દાડે પીત્રીનુ સરાદ્ધ ન કરવુ બારસને દાડે કરવું.

द्वादश्यांचदिवास्वापं,
तुलस्यवचयस्तथा ॥
तत्राविष्णोर्दिवास्नानं,
श्राद्धंहर्यानिवेदितैः ॥१५३॥

અર્થ—દ્વાદસીને દીવસે દાડે સુવું નહી; તુલસી ચુંટવી નહી તથા રવી વારે ચુંટવી નહી, નીમવાળાને પેહેલા દીવસે લઇ રાખવી, દ્વાદસીને દાડે ભગવાંનની સોડસોપચાર વડે અભીશેક પુજા કરે તથા ભગવત પ્રસાદ વડે

કરીને બ્રામણ ભોજન કરાવે. એકાદશીનું શ-
રાધ્ધ દ્વાદસીને દાડે કરવુ.

वृद्धावतुलशीश्राद्धं,

तथाश्राद्धमवैष्णवं ॥

चरणामृतपानेपि,

श्रुध्यर्थाचमनाक्रिया ॥१५४॥

અર્થ— વૃદ્ધનુ સરાધ હોય તે દીવસે તથા
અવૈષ્ણવનુ સરાધ હોય તો તુલસી ચરણાંમૃત
ભોજન પેલાં આપે પછે આચમન કરાવે પછી
ભોજન કરાવે અભકતીવાલાને ભોજનન કરાવે.

काष्टासनोपविष्टेन,

वासुदेवस्यपूजनं ॥

पूजाकालेसदालापः

करवीरादिपूजनं ॥१५५॥

અર્થ—ખાલી પાટલા ઉપર બેસીને ભગવત

પૂજા તથા જપ કરવું નહી, આસન પાથરીને કરવું, પૂજા કરતાં કરતાં કોઈની સાથે બોલવું નહી. કરણાનાં ફુલ ભગવાનને નહી ચઢાવવાં.

आयसंधूपपात्रादि,
तीर्यक्पुंड्रप्रमादतः ॥
पूजाचासंस्कृतैर्द्रव्यै,
स्तथाचंचलचित्तत ॥१५६॥

અર્થ—લોઢાના પાત્રમાં ભગવાનને ધુપ તથા આરતી કરવી નહીં. ત્રીપુન્ડ્ર કરવું નહીં. જે જેના ધર્મમાં લખેલું હોય તે પ્રમાણે તીલક કરવું. વગર માંજેલા પાત્રમાં ભગવાનની પુજા કરવી નહી તથા મન સ્થીર રાખીને ભગવાનની પુજા કરવી.

एकहस्तप्रणामादि,
ह्यकालेस्वामिदर्शनं ॥
पर्युषितादिदुष्टाना,

मन्नादीनांनिवेदनं ॥१५७॥

અર્થ—બ્રાહ્મણ તથા ગુરૂ વીગેરેને એક હાથ-થી દંડવત કરવા નહી. સમય વીના દર્શન કરવાં નહીં. ગરીબને સડી ગયેલ અન અથવા ફુલ ના આપવું.

संख्यांविनामंत्रजप,

स्तथामंत्रप्रकाशनं ॥

कदाशक्त मुख्यलोपो,

गौणकालपरिग्रह ॥१५८॥

અર્થ—જપ કરતી વખતે સંખ્યા રાખવી તથા ગુરૂએ બતાવેલો મંત્ર કોઇને કહેવો નહી. એક ગુરૂના શીષ્ય હોય તો કાંઇ બાધ નહી. શક્તી હોય તો પુજા શેવામાં આળસ રાખવું નહી. નકી કામ પ્રસંગે ધર્મ બાબતનું કામ ઓછું ના કરવું.

प्रसादाग्ररणंविश्नो,

वर्जयेतवैश्नवःसदा ॥
चतुःशतंविधीनेतान्नि,
षेधान्श्रावयेत्गुरु ॥१५९॥

અર્થ વીશ્નુ ભગવાનના પ્રસાદનો અનાદર ના કરવો. ધર્મ સંબંધી ચારસે વાર્તા છે તે વૈષ્ણવોએ ગુરૂના મુખથી સાંભળવા અને પાળવી. આ બધાં વિષ્ણુ યામલનાં વાકયોછે.

कांस्यपात्रेनभुंजीत,
नप्लक्षवटपत्रयोः ॥
देवागारेनानिष्टीवेत्,
क्षुतंचात्रविवर्जयेत् ॥१६०॥

અર્થ—કાંસાના પાત્રમાં ભોજન કરવું નહી તથા પોપળા તથા વડનાં પાંદડાંમાં ખાવુ નહીં. દેવ મંદીમાં થુંકવું નહીં. રૂધીર ઇત્યાદીક નઠારી વસ્તુઓ દેવ મદીરમાં નાખવી નહીં. જે ને કેડથી નીચે ગુમડાં તથા ખસ થયેલી હોય

તે માણસે દેવસેવા કરવી નહીં.

दृष्टिपूतांन्निषेत्पादं,

वस्त्रपूतांपिवेज्जलं ॥

सत्यपूतांवदेत्वाचांमन:

पूतंसमाचरेत् ॥१६१॥

અર્થ—પહેલે આંખથી જોઇને ધરતી ઉપર પગ મેલવો. પાણી ગળીને પીવું. સાચુ બોલવું. પોતાના મનને પવીત્ર વસ્તુ લાગતી હોય તે વસ્તુ કરવી અથવા જયાં સુધી દેહ ક્રીયામાં મન પવીત્ર ના થાય ત્યાં સુધી દેવ ક્રીયા કરવી. આ બંને મનુનાં વાક્ય છે.

स्वदत्तांपरदत्तांवा,

ब्रह्मवृतिंहरेतुय: ॥

षष्टवर्षसहस्त्राणि,

विष्टायांजायतेकृमि ॥१६२॥

અર્થ—જે કંઈ વૃત્તિ બ્રાહ્મણને અર્થે આ-
પેલી હોય પોતે તથા પુર્વજોની આપેલી તથા
હરકોઈએ આપેલી હોય તો તે ખુંચાવી લેવી
નહીં. જે ખુંચાવી લેશે તે સાઠ હજાર વર્ષ
સુધી નર્ક કૃમી થઈને ભોગવવું પડશે. આપણને
જો બ્રાહ્મણ મારતો હોય અથવા તો ગાળો
દેતો હોય તો પણ તેને નમસ્કાર કરવો પણ
તેની વૃત્તિ હરણ ના કરવી. આ દશમનું ગો
પાખ્યાનમાં શ્રી કૃષ્ણભગવાનનું વચન છે.

घ्रंतंवासपंतंवानम,

स्कुरुतमामकाः ॥

परस्त्रीपरधान्यंच,

परद्रव्यंरत्नमेवच ॥

अन्यायतोनगृहणीयात्,

नरुष्टसेन्मदुपाश्रिता ॥१६३॥

અર્થ—પર સ્ત્રી, પરાયુ ધાન, પરાયુ ધન્ય,

રત્ન હરકોઈ ચીજ અન્યાય કરીને લેવી નહીં ને તેને અડવુ પણ નહીં.

विश्वासेप्रतिबंधानां,
घातयंनिचयेजनाः ॥
तेनराःनर्कंयान्ति,
यावत्चंद्रादिवाकरो ॥१६४॥

અર્થ—જે કોઇ આપણા ઉપર વીશ્વાસ રાખતો હોય તેની સાથે વીશ્વાસઘાત કરવો નહીં. જે વીશ્વાસઘાતી કરશે તે ચંદ્ર સૂર્ય રહે ત્યાં સુધી નર્ક ભોગવે. આ મનુનું વાક્ય છે.

प्रव्राजिकांमित्रसुतांवधुंवा,
भिक्ष्योस्त्रियंनीचकुलोद्भवांवा॥
राज्ञपशोःयजमानस्यभार्यां,
वारांगनांदूरतरादपेक्ष्यम् १६५

અર્થ—સંન્યસ્થની મીત્રની બાયડી બેન તથા

બેટી છોકરાની વહુ, ભીખારીની સ્ત્રી, નીચ કુળની સ્ત્રી, રાણી, પશુ, યજમાનની બાયડી તથા વેસ્યા ઈત્યાદિક સ્ત્રીઓનો સંગ કરવો નહીં.

गुर्वणींद्विजपत्नींवा,
वालांसाध्वींतथैवरुजयुक्तां ॥
जेष्टांप्रोषितपतिकां,
रंडांभग्नींत्यजेतगुरुजायाम् १६६

અર્થ—ગર્ભવંતી, તથા બ્રાહ્મણની સ્ત્રી, તથા સ્વધર્મ પાળતી હોય, તથા રોગવાળી હોય, તથા પોતાના કરતાં મોટી કાકી, ભાભી ઇત્યાદી તથા જેનો પતી ઘેર નં હોય તે બાઇડી તથા રાંડેલી તથા બેન ભાણેજ તથા ગુરૂની બાઈડી તથા બેટી ઈત્યાદીની સાથે વીશયસંગ કરવો નહીં. જો કરે તો નર્કે જાય. આ વાકય મનુનું છે.

परस्त्रीपुनकर्त्तव्य,
मालायंरहासिस्थतः ॥

गीतहाष्यादिकंवर्ज्यं,
ध्यादिधर्मविवित्सया ॥१६७॥

અર્થ—એકાંતમાં બેશી પરસ્ત્રી સાથે વાતચીત કરવી નહી. તેની સાથે ગાવાની હાંશીમશકરી કરવી નહી. પોતાના ધર્મની ઇછા કરે. આ વાક્ય કસ્યપરૂષીનું છે.

नेयंकुसंगिसंगं,
पैशुन्यंब्रह्मगोहत्यां ॥
बालस्त्रीणांचैवत्याज्या,
इत्यादियत्नतोनित्यम्॥१६८॥

અર્થ—ચોરી કરવી નહી, ચાડી ન ખાવી, કુસંગીનો સગ ન કરવો. બ્રાહ્મણ તથા ગાય તથા બાળક તથા સ્ત્રી હરકોઇ જીવ, તેની હિંસા કરવી નહીં.

परस्त्रीषुपतेत्बिंदु,

कोटिपुजांप्रणश्यति ॥
जपहानिस्तपोहानि,
ब्रह्महत्यापदेपदे ॥१६९॥

અર્થ—પરસ્ત્રીનો સંગ કરવાથી જપ, તપ, યજ્ઞ વીગેરે નાશ થાય. સર્વ શુભકર્મનો નાશ થાય. અને બ્રહ્મહત્યાદિક પાપ લાગે તથા યશની હાની થાય.

गुरोर्मनुष्यबुद्धिंच,
मंत्रचाक्षरबुद्धयः ॥
प्रतिमायांशिलाबुद्धि,
कुर्वाणोनरकंव्रजेत् ॥१७०॥

અર્થ—ગુરુને મનુષ્ય ન જાણવા. મંત્રને અક્ષર ન જાણવો. પ્રતિમાને પથર તથા કાષ્ટ ન જાણવાં. ચરણામૃતને પાણી ન ગણવું. વૈષ્ણવને જગત બુદ્ધિ ન કરવી. કરે તો નર્કે જાય.

नश्रोतव्यंगुरोर्निंदां,
कार्यापिनाहिमामकैः ॥
तथाहरेश्चमहतां,
नाम्नस्यतुविशेषतः ॥१७१॥

અર્થ—ગુરૂની નીંદા સાંભળવી તથા કરવી નહી, તેમ ભગવાનની, બ્રાહ્મણની, સાધુની તથા મોટા મહાતમાઓ વીગેરેની નીંદા કરવી તથા સાંભળવી નહી. ભગવાનના નામની નીંદા કરવી નહી. કરે તો નર્કે જાય આ વચન હીતબોધનું છે.

शालिग्रामंतथाशंखं,
ब्राह्मणंमालिकांगुरुं ॥
एतेषामासनंदद्याद,
न्यथायात्यधःपुमान् ॥१७२॥

અર્થ—શાળીગ્રામ, શંખ, બ્રાહ્મણ, માળા,

ગુરૂ, એ સર્વેને આસન શીવાય બેસાડવાં નહી. બેસારે તો નર્કમાં જાય અને દળીદ્રી થાય.

रुधिरंरजस्वलांवा,
सवमामेध्यमेथुनं ॥
नग्नांचापिनद्रिष्टयं,
द्रिष्टास्नानंसमाचरेत् ।१७३।

અર્થ—લોહી, રજસ્વળા સ્ત્રી, શબ, ખરાબ વસ્તુ, મૈથુન, તથા નગ્ન સ્ત્રી એ સર્વેને જોવું નહીં. એ જોવામાં આવે તો સ્નાન કરવું તથા સૂર્યને નમસ્કાર કરવા તો પવીત્ર થાય આ વાકય મનુનું છે.

द्वयोर्मध्येनगंतव्यं,
गतवस्तुंनाचिंतयेत् ॥
धर्मवादंनकुर्वीत,
गुह्यंनैवप्रकाशयेत् ॥१७४॥

અર્થ—બે જણ છાની વાતચીત કરતા હોય ત્યાં જવું નહી. કોઇ જણશાનો શોક કરવો નહીં. ધર્મનો વાદ કરવો નહી. ઘરની છાની વસ્તુ કોઇને બતાવવી નહીં.

आयुर्वित्तंग्रहःच्छिद्रं,
मंत्रमैथुनमौषधं ॥
दानमानापमानंच,
नवगोप्या।निकारयेत् ॥१७५॥

અર્થ—આયુષ્ય, ધન, ઘરનું છીદ્ર, મંત્ર, મૈથુન, ઔષધી, દાન, માન, તથા અપમાન, એ નવ વસ્તુની વાત કોઇને કહેવી નહી. કહે તો જગતમાં અપકીર્તી થાય ને હાની થાય.

स्वधर्मंचिंतयेन्नित्यं,
नान्यमार्गौविशङ्कयेत् ॥
सर्वभावेनमद्भक्ताः

मामाश्रत्यहरिंभज ॥१७६॥

અર્થ—પોતાના ધર્મનું હમેશાં ચિંતવન કરવું. બીજા ધર્મમાં જવાને મન ફેરવવું નહીં. મારા જે સર્વ ભક્તછે તે મારો આશ્રય કરીને હરીનું ભજન કરે.

ईश्वराणांबचःशत्यं,
तथैबाचारितंक्वचित् ॥
तेषांयत्सुवचोयुक्तं,
बुद्धिमान्तत्तदाचरेत्॥१७७॥
तेजीयषांनदोषाय:
वन्हेसर्वभुजोयथा॥
विनष्यत्याच न्मौढ्यात्,
यथारुद्रोब्धिजांविषम्॥१७८॥

અર્થ—ઇશ્વરરૂપ જે ગુરૂ દેવછે તેમનાં વ-

ચન સત્યછે તથા તેમનાં સેવાદિ આચરણ સાચાંછે પણ તેમનાં વ્યવહારી આચરણ કોઇ સત્યછે જે પોતે આજ્ઞા દે તે કરવાં પણ તે જે કરે ન કરવાં તે તો તેજસ્વીછે તેમને દોષ નથી. અગ્નિમાં સર્વ ભસ્મ થાયછે. જે તેમની દેખા દેખી આચરણ કરશે તે પોતાની મૂઢતા વડે નાશ થશે. જેમ મહા દેવજી વિષપાન કરીગયા તેમ બીજા વિષ પીએ તો મરી જાય તેથી બુદ્ધિવાન ગુરૂ મહાત્માનાં કહેલાં કર્મ કરે. આ દશમમાં શુકદેવજીનાં વાકયછે.

हारेर्हिसाक्षातपरमार्थतत्वं,
रांधांविनासोपिनचिंतनीयं॥
योध्यायतेजपतेपूजितेवा॥
सब्रह्महापापफलंभुनाक्ति १७९

અર્થ—હરી જે ભગવાન છે તેજ પરમારથનું તત્વછે. તો શ્રી રાધકાજી વિના તેમનું ચીંતવન અથવા પુજા શેવા કરવી નહીં, જુગલ શેવા કરવી, ને જો એકલા ભગવાનની શેવા

કરે તો તે વિષે જે જપ, ધ્યાન, પુજા કરે તો તેને બ્રહ્મહત્યાનું પાપ લાગેછે. માટે જુગલ ઉપાસના કરવી.

गौरतेजोविनायस्तु,
शामतेजःसमर्चयेत् ॥
जपेवाध्यायतेवापि,
सभवेत्पातकीशिव ॥
सब्रह्महासुरापीच
स्वर्णतेईचपंचम ॥
एतैर्दोसैर्विलिप्येत,
तेजोभेदानमहेश्वरि ॥१८०॥

અર્થ—ગૌર તેજ શ્રી રાધકાજી તેના વિના શામ તેજ જે શ્રી કૃષ્ણ તેમની પુજા કરે તથા જપ જપે તથા ધ્યાન ધરે તેને બ્રહ્મહત્યાનું પાપ લાગે. મદીરા પીવાનો દોશ લાગેછે તથા

માંસાદીક તથા સોનું ચોરવાનો દોશ ભેદ ક-રવાથી લાગેછે. આ વાક્ય ગૌતમીતંત્રમાં લખ્યું છે, તેથી જુગલ ઉપાસના કરવી.

श्रीमत्प्रतापतनयन,
कृतीजनानाम् ॥
स्वाचार्यबोधित,
सुबोधप्रकाशनाय ॥
पुत्रत्वमाप्यललिता,
क्षचसुंदरस्य ॥
शिक्षाकृताहित,
मनोहरवल्लभेन ॥१८१॥

અર્થ—શ્રી ગોસ્વામી હિત પ્રતાપ વલભજીના પુત્ર તથા લલિત વલભજી તથા સુંદર વલભજી તેમના દતપુત્ર જે હિત મનોહર વલભ મહારાજજીએ આ શિક્ષા કરીછે. શા માટે

કે જે આપણા આચાર્યજી શ્રી હિત હરિવંશ ગોસ્વામીજી તેમની કરેલી પોતાના જે ધર્મ તેને પ્રકાશ કરવાને સારૂ જે પુન્યવંત વૈષ્નવો છે તેમના કલ્યાણને અર્થે આ હિતવિનોદ નામની શીક્ષા કરીછે ઇતિ શ્રી. હિત ગોસ્વામી શૃંગાર શેવા અધિકારી શ્રી મનોહર વલભેન કૃતા હિતવિનોદ શિક્ષા સમાપ્ત. ૧

ग्रंथकारोक्ति.

पेषांनचेजोभग[illegible],
पदाब्जे[illegible]ग्नंनश्रीकष्णकथा ॥
सुधाब्धौतेनैवजानं,
तिममप्रयासारूपं,
यथांधानवसुंदरीणाम् ॥१॥

અર્થ જે માણુસનું ચિત્ત ભગવત ચણારવિંદ વિષે નથી તથા જેનો શ્રી કૃષ્ણ કથારૂપી અમરતનો સમુદ્ર તે વિષે ડુબ્યો નથી તે આ મારો કરેલો પરિશ્રમ નથી જાણુવાનો. કેમ જે આંધળો જેમ નવીન રૂપાળી સ્ત્રીનું રૂપ નથી દેખતો તેમ જે ભગવત વીમુખછે તે શી રીતે જાણુશે. ૧

अप्रतिबोधेश्रोतरिवक्तवाक्यं,
प्रयातिनैरफल्यं ॥

नयनविहीनेभर्त्तरि,
लावण्यमिवखंजनाक्षीणाम् २

અર્થ—જે સાંભળવા વાળા જો સમજુ ન હોય તો વકતાનો વાકય નીષ્ફળ જાયછે કેમકે આંધળાની બાયડીની સુંદરતા જેમ પતિની આંખો વિના જાયછે તેમ બુદ્ધિ વિના જ્ઞાન વાર્તા જાયછે. ૨

हाकौशिल्पैत्वद्वियोगार्त्ति,
धारानाऽहंजानेकिं ॥
विधापोऽधुनामे
ाकाःकाकासर्वतोऽप्यालपंति
कोजानीतेकाकिलीकोकिलानाम्

અર્થ—આ મારી ચતુરાઈનો જે વીયોગ તેના દુઃખની જે ધારાછે તે મારો શું વિધાન કરશે, તે હું નથી જાણતો કેમ જે કાગડાના શબ્દમાં કોયલનો ઝીણો શબ્દ કોણ સાંભળશે!!

આ પુસ્તકના અગાઉથી ગ્રાહક થનાર સદ્‌ગ્રહસ્થોનાં મુબારક નામ.

નકલ. નામ.

ગો સ્વામી શ્રી કનૈયાલાલજી ઠે૦ કડવા પોળ ૧૦૦

ગો ,, શ્રી પ્રેમલાલજી ઠે૦ વટવાગામ. ૧

ગો ,, શ્રી છબીલવલ્લભજી ઠે૦ હસુઆફ જે-પુર ૧૦૦

ગો ,, શ્રી વ્રજભુષણલાલજી ઠે૦ અમદાવાદ ખાડિયા ૨૦૦

ગો ,, શ્રી રાધાલાલજી છોટાલાલજી ઠે૦ ભરુચ ૨

ગો ,, શ્રી વનમાળીલાલજી ઠે૦ ભાઉની પોળ અમદાવા

ગો ,, શ્રી નવલ્લજી ઠે૦ શ્રી વૃંદાવન

ગો ,, શ્રી મોહનલાલજી બજારવાલે ઠે૦ ક. વૃંદાવન ૧

ગો ,, શ્રી લછમનલાલજી ઠે૦ શ્રી વૃંદાવન

ભટ્ટજી શ્રી છોટાલાલજી ઠે૦ કનોજ ૨૦૦

રા. રા. ખેમચંદ ગોવિંદજી અફીણના ઇજારદા સાદરા ૨૦૦

. રા. દામોદર રણછોડદાસ; થાણા કારકુન
ડભોડા (મહીકાંઠા) ૨૦૦

. રા. છોટાલાલ હરિલાલ દધાલીઆ ઠાકોર
હેબના કામદાર મુ. દધાલીયા મોડાસા થઇને

રા. રા. શાહ છોટાલાલ હરિલાલ
કારભારી તાલુકે દધાલીઆ.

રા. રા. શાહ ગોવરધનદાસ ધર્મચંદદાસ
તાલુકા સ્કુલ માસ્તર—સાદરા

રા. રા. શાહ અંબાલાલ પરભુદાસ મહી-
કાંઠાના મે૦ પો૦ એ૦ સાહેબના કારકુન.

રા. રા. શાહ મુળચંદ ઓતમદાસ મહી-
કાંઠાના મે૦ પો૦ એ૦ સા૦ ના કારકુન

રા. શાહ છોટાલાલ ભખવાનદાસ થાણા
કારકુન. જીલ્લે સાબરકાંઠા.

. શાહ રવચંદ ભગવાનદાસ થાણા કા-
રકુન જીલ્લે કટોસણ.

રા. શાહ બહેચરલાલ મોહનલાલ

રા. પા. રવચંદ ભાઇચંદ શ૦ બા૦ પર્સ૦
આ૦ સા૦ ના કારકુન

રા. શાહ મગનલાલ બાપુજી કટોસણ
થાણાનો બેલીફ.

૧ ૨ા૦ શાહ વનમાળી ઘેહેલશા ઈડર વકીલ
સાહેબના કારકુન.
૧ શાહ ગોવરધનદાસ ત્રીકમદાસ
થાણા કારકુન જીલ્લે બાવીશી.
૨ રા. શાહ મગનલાલ ઝવેરદાસ
થાણા કારકુન જીલ્લે બાવીશી.
૨ રા. શાહ દામોદરદાસ રણછોડદાસ થાણા
કારકુન જીલ્લે બાવીશી.
૧ રા. શાહ લલુભાઇ ત્રિભોવનદાસ અવલ
કારકુન. તાલુકે વલસણા.
૧ શાહ ગોવરધનદાસ ભૂદરદાસ
૧ શાહ મગનલાલ ત્રિકમદાસ
૧ શાહ કીશોરદાસ પુરૂષોત્તમદાસ
૨ રા. શાહ ખેમચંદ ગોવીંદજી અફીણના
ઈજારદાર.
૧ શાહ ગુલાબચંદ મોહનદાસ
૧ રા. મોદી કેશવલાલ ધર્મચંદ સ્કુલ માસ્તર
વરસોડા
૧ શાહ ચુનીલાલ ધર્મચંદ
૧ શાહ કેશવલાલ ભુદરદાસ
૧ શાહ ઇશ્વરલાલ પુરૂષોત્તમદાસ
૨ રા. શાહ નાનાલાલ દેવચંદ

. રા. શાહ લલુભાઇ રણછોડદાસ

શાહ જેઠાલાલ ઇશ્વરદાસ

. મિસ્ત્રી હુંગોવન ધર્મચંદ

૧ રા. શાહ જેઠાલાલ મોતિચંદ

સ્કુલ માસ્તર.

શાહ નથુભાઇ નારાયણદાસ

હીરાલાલ પ્રાણદાસ

શાહ ગોરધર પુજાદાસ

. રા. શાહ છગનલાલ રઘુનાથદાસ

શાહ ગીરધરલાલ પ્રાણદાસ

૧ શાહ. જેઠાલાલ વીરચંદ

૧ . શાહ પોહનલાલ મોતિચંદ

૧ રા. શાહ બાગચંદ મુળચંદ

રા. શાહ લલુભાઇ ત્રીકમદાસ આસિસ્ટંટ માસ્તર વીજાપુર

શાહ કીશોરદાસ જેઠાલાલ

૧ શાહ ત્રિકમદાસ વનમાળીદાસ

૧ શાહ મગનલાલ કુબેરદાસ

૧ શાહ લલુભાઇ અબારામ

૧ રા. શાહ કાળીદાસ શામળદાસ

૧ શાહ ગોવીંદલાલ મોહનલાલ

શાહ બહેચરદાસ રઘુનાથદાસ

૧ પરીખ દેવચંદ બહેચરદાસ
૧ કેદારેશ્વર ભગવાનલાલ
બાવાશી થાણાનો બેલીફ
૧ શાહ ઇશ્વરલાલ મોહનલાલ
૧ રા. રા. શાહ દામોદરદાસ નહારૂદાસ
માજી કારભારી તાલુકે દવાલીઆ.
૧ શાહ નરસિંહ પુરૂષોત્તમદાસ શાહ
૧ રા. ઈશ્વરલાલ હીરાચંદ શાહ
૧ ગોવરધન રવચંદ શાહ.
૧ શાહ પુરૂષોત્તમ સાંકળચંદ
૧ શાહ લક્ષ્મીચંદ હીરાચંદ
૧ રા. શાહ ચુનીલાલ છગનલાલ
૧ શાહ મોહનલાલ પુંજારામ
૧ શાહ ગુલાબચંદ જયચંદ
૧ શાહ ઉમેદરામ ત્રિકમદાસ
૧ શાહ મગનલાલ લક્ષ્મીચંદ
૧ શાહ નાનચંદ ગુલાબચંદ
૧ શાહ કીશોરદાસ મુળચંદ
૧ પરીખ કાશીદાસ બહેચરદાસ
ત્રિવેદી મુળજી નિત્યારામ
બાવીશી થાણાના બેલીફ.
૧ કસ્તુરચંદ પુંજાભાઇ, સારંગપુર

સોની ચુનીલાલ લલુભાઇ, રાયપુર
પા. કેશવલાલ રણછોડદાસ, રાયપર
પુરાણી નરસીલાલ જમનાશંકર
નવા ગામ—તાલુકે માસર—૧૦

ઉપરનાં શીરનામાંએ દરેક ઠેકાણે બસેં બસે નકલ મોકલવી.

૧ સુ. શ્રીરાધાવલભ મહારાજ મનરવલભ
૧ સુ. મનસુખ કાલીદાસ ઠે ધ. ગુ. પો.
૧ સુ. સોમનાથ કાલીદાસ ઠે. ધ. ગુ. પો.
૧ સુ. ગીરધર હરજી ઠે. ધ. પો. ગુ. પો.
૧ સુ. ભાઇચંદ રામજી ઠે. ધ. પો.
૧ સુ. રામજી છગન ઠે. ધ. પો.
૧ સુ. હીરા નથુ ઠે. ધ. પો.
૧ સુ. રણછોડ વનમારી ઠે. ઠારની પોળ
સુ. બલાખી ભુરસા ઠે. બદા પોળમાં
સુ. દલપત કીરપાસા ઠે. બદા પોળમાં
૧ સુ. મોહન ભગવાન ઠે. બદા પોળમાં
૧ સુ. રણછોડ સુંદર ઠે. પખાલીની પોળ
૧ સુ. દલસુખ મંગળ ઠે. તાજપર
૧ સુ. લલુ વવમાળી ઠે. સસપર
૧ સુ. નાગર દુલવ ઠે. ગામ સૈજપર
૧ સુ. ખુશાલ દામોદર ઠે. સસપરમાં